અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ નવેમ્બર ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૮

વર્ષ : ૧૬
અંક : ૧૪૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**અદાણીની નેટવર્થ ૨૦% તૂટી ।** અમેરિકી વકીલ દ્વારા અદાણી ગ્રુપ પર લગાવવામાં આવેલા આરોપો બાદ ગૌતમ અદાણી સતત નુકસાનનો સામનો કરી રહ્યા છે

# લાંચના આરોપ બાદ ગૌતમ અદાણીની સંપત્તિમાં મોટો ઘટાડો

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં જબરદસ્ત ઘટાડો થયો છે. અમેરિકી વકીલ દ્વારા અદાણી ગ્રુપ પર લગાવવામાં આવેલા આરોપો બાદ ગૌતમ અદાણી સતત નુકસાનનો સામનો કરી રહ્યા છે. અદાણી ગ્રુપની કંપનીઓના શેરમાં લગભગ ૨૮%નો ઘટાડો થયો છે. ગુરુવાર બાદ શુક્રવારે પણ શેરમાં જોરદાર વેચવાલી જોવા મળી રહી છે. તેની સીધી અસર ગૌતમ અદાણીની નેટવર્થ પર પણ પડી છે. તેમની નેટવર્થ ૨૦% થી વધુ ઘટી છે. આવી સ્થિતિમાં તેણે હવે ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિનો દરજ્જો ગુમાવી દીધો. ફોર્બ્સની રિયલ ટાઈમ બિલિયોનેર્સ લિસ્ટ અનુસાર, અમેરિકામાં આરોપોને કારણે ગૌતમ અદાણીની નેટવર્થમાં ૨૧.૨૧%નો ઘટાડો થયો છે. ફોર્બ્સની રીયલટાઈમ બિલિયોનેર્સ લિસ્ટના ડેટા અનુસાર, શુક્રવારે સવારે ૧૦:૫૦ વાગ્યા સુધીમાં, નેટવર્થમાં $14.8 બિલિયન



(રૂ. ૧,૨૫,૦૪૫ કરોડ)નો ઘટાડો થયો હતો. જેના કારણે ગૌતમ અદાણીની નેટવર્થ હવે માત્ર ૫૫ બિલિયન ડોલર રહી છે. નેટવર્થમાં થયેલા આ ઘટાડાને કારણે ગૌતમ અદાણી વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ઘણા નીચે આવી ગયા છે. આ યાદીમાં તે ૨૭મા સ્થાને આવી ગયા છે. અગાઉ તે આ યાદીમાં ૧૮મા સ્થાને હતા. ગૌતમ અદાણી અગાઉ ભારતના સૌથી ધનિક વ્યક્તિ હતા. આ સ્થિતિ હવે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીને પરત મળી છે. મુકેશ અંબાણી હાલમાં ૯૭.૬ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના ૧૮મા સૌથી ધનિક વ્યક્તિ છે. મહત્વનું છે કે, ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર યુએસ પ્રોસિક્યુટર્સ દ્વારા ભારતમાં સોલાર પાવર કોન્ટ્રાક્ટ જીતવા માટે અનુકૂળ શરતોના બદલામાં ભારતીય અધિકારીઓને $250 મિલિયન લાંચ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

યુએસ પ્રોસિક્યુટર્સે અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી અને અન્ય પર ૨૦૨૦ અને ૨૦૨૪ ની વચ્ચે સોલાર પાવર કોન્ટ્રાક્ટ જીતવા માટે ભારતીય સરકારી અધિકારીઓને $250 મિલિયનથી વધુ લાંચ આપવાનો આરોપ મૂક્યો હતો. એક અંદાજ મુજબ આનાથી જૂથને બે અબજ ડોલરથી વધુનો નફો થવાની સંભાવના છે. જોકે, અદાણી ગ્રુપે આ આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે.

## અદાણી સાથે અમારો કોઈ સીધો સંબંધ નથી

અમેરિકાની કોર્ટમાં ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી પર ભારતના અધિકારીઓને લાંચ આપવાના આરોપો મૂકાયા છે. જેમાં આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ-કાશ્મીર રાજ્યોના નામ સંકળાયેલા છે. આ મામલે આંધ્રપ્રદેશની સરકારના ઉચ્ચ પદ પર કાર્યરત અધિકારીને લાંચ આપવાના આરોપને તે સમયની જગન મોહન રેડ્ડીની YSRCP સરકારે ખોટા ઠેરવ્યા છે. તેમજ તેમાં પોતાના પક્ષની કોઈ સંડોવણી ન હોવાની સ્પષ્ટતા કરી છે. અદાણી સાથે અમારે કોઈ સીધો સંબંધ નથી. બ્રુકલિનની કોર્ટમાં દાખલ કેસ અનુસાર, ગૌતમ અદાણીએ સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસેથી ૭ ગીગાવોટ સોલર પાવર ખરીદવા માટે સ્ટેટ ડિસ્ટ્રિબ્યૂશન કંપનીઓને રૂ. ૧૭૫૦ કરોડની લાંચ આપી હોવાનો આરોપ છે. જેમાં તે સમયની આંધ્રપ્રદેશની સરકારના અધિકારીને લાંચ આપી હોવાનો દાવો થયો છે. YSRCPએ આ મામલે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે, આંધ્રપ્રદેશની વીજ વિત્તરણ કંપનીઓ કૃષિ ક્ષેત્રને દરવર્ષે ૧૨૫૦૦ મેગાયુનિટ વીજ પૂરી પાડે છે. જેના માટે સરકાર વીજ કંપનીઓને ખર્ચ અનુસાર વળતર ચૂકવે છે. પાછલી સરકારની નીતિઓના કારણે વધારાના ટેરિફ પર પાવર પર્ચેજ એગ્રીમેન્ટ કરવામાં આવ્યા હતા. જેના લીધે રાજ્ય સરકાર પર સબસિડીનો બોજો વધ્યો હતો. આ સમસ્યા દૂર કરવા રાજ્યમાં સોલાર પાર્કમાં ૧૦ હજાર મેગાવોટની સોલાર કેપેસિટી સ્થાપિત કરવાનો પ્રસ્તાવ રજૂ કરાયો હતો. આંધ્રપ્રદેશ ગ્રીન એનર્જી કોર્પોરેશન લિ.એ નવેમ્બર, ૨૦૨૦માં એક ટેન્ડર બહાર પાડ્યું હતું. આ ટેન્ડર ૬૪૦૦ મેગાવોટ વીજની કુલ સોલાર એનર્જી ક્ષમતાના વિકાસ માટે હતું. જેના માટે રૂ. ૨.૪૯થી રૂ. ૨.૫૮ પ્રતિ કિલોવોટના દરે ૨૪ બીડ પ્રાપ્ત થયા હતા.

## હરદીપ સિંહ નિજ્જર કેસમાં મોદી, જયશંકર કે ડોભાલ વિરુદ્ધ કોઈ પુરાવા નહીં : કેનેડા

। નવી દિલ્હી, તા. ૨૨ ।

હરદીપ સિંહ નિજ્જર કેસમાં કેનેડા સરકાર હવે બેકફૂટ પર છે. ટ્રૂડો સરકારે એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે ખાલિસ્તાની ઉગ્રવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સહિત કેનેડામાં કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય ઉચ્ચ અધિકારીઓની ભૂમિકાના કોઈ પુરાવા નથી. કેનેડા સરકારે સ્પષ્ટતા કરી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (દ્રજીછ) અજીત ડોભાલની દેશમાં કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિમાં કોઈ ભૂમિકા નથી. ટ્રૂડો સરકારની આ સ્પષ્ટતા કેનેડાના એક અખબારમાં પ્રકાશિત થયેલા અહેવાલ બાદ કરવામાં આવી છે.

**અથડામણમાં ૧૦ નક્સલવાદીઓ ઠાર**

# છત્તીસગઢમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ

**ઘટનાસ્થળેથી ત્રણ ઓટોમેટિક રાઈફલ્સ અને અન્ય હથિયારો જપ્ત કરાયા**

। (એજન્સી) સુકમા, તા.૨૨ ।

છત્તીસગઢના સુકમા જિલ્લાના ભેજજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આ અથડામણમાં ૧૦ નક્સલવાદીઓ માર્યા ગયા હોવાની માહિતી મળી છે. સુરક્ષા દળોએ ઘટનાસ્થળેથી ત્રણ ઓટોમેટિક રાઈફલ્સ અને અન્ય હથિયારો જપ્ત કર્યા છે. IG બસ્તર પી સુંદરરાજે કહ્યું કે, છત્તીસગઢના દક્ષિણી સુકમામાં DRG સાથેની અથડામણમાં ૧૦ નક્સલીઓ માર્યા ગયા હતા. INSAS, AK-47, SLR અને અન્ય ઘણા હથિયારો મળી આવ્યા છે તેમજ સર્ચ ઓપરેશન ચાલુ છે. મળતી માહિતી મુજબ, આજે



સવારે નક્સલવાદીઓ સાથે અથડામણ થઈ હતી. સૈનિકોને માહિતી મળી હતી કે, ઘણા નક્સલવાદીઓ ઓડિશા થઈને છત્તીસગઢમાં પ્રવેશ કરી રહ્યા છે. તેથી DRGની ટીમ નક્સલવાદીઓને ઘેરવા નીકળી હતી. બંને તરફથી સેંકડો રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘણા ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. આ એન્કાઉન્ટર કોરાજુગુડા, દંતેસપુરમ, નાગારામ, ભંડાર પદરના જંગલ-પહાડોમાં થયું હતું. સૈનિકો આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા. સર્ચ ઓપરેશન દરમિયાન નક્સલીઓએ જવાનો પર હુમલો કર્યો હતો. જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. બંને તરફથી લાંબા સમય સુધી ગોળીબાર થતો રહ્યો. બસ્તરના IG પી સુંદરરાજે આ અથડામણની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા દક્ષિણ બસ્તર, ગરિયાબંદ અને કાંકેરમાં પણ સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ ચૂકી છે. છત્તીસગઢના અબુઝહમાડ જંગલમાં ૧૬ નવેમ્બરે નક્સલી અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી.

**જમ્મુ-કાશ્મીર સરકારે બુલડોઝર ફેરવ્યું**

# વિસ્થાપિત કાશ્મીરી પંડિતોની દુકાનો ઉપર બુલડોઝર ફેરવ્યું

। (એજન્સી) જમ્મુ, તા. ૨૨ ।

જમ્મુમાં વિસ્થાપિત કાશ્મીરી પંડિતોની દુકાનો પર બુલડોઝર ચલાવવામાં આવતા સ્થાનિક લોકોનો ગુસ્સો ભભૂકી ઉઠ્યો છે. આ કાર્યવાહી તે કાશ્મીરી પંડિતો સામે કરવામાં આવી છે જેઓ ત્રણ દાયકા પહેલા ઘાટીમાંથી વિસ્થાપિત થયા બાદ અહીં આવ્યા હતા અને નાના વેપાર કરી રહ્યા હતા. આ લોકોની દુકાનો ધરાશાયી થતાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે અને હવે વહીવટી તંત્રને પણ ઝુકવું પડ્યું છે. લોકોએ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે અને વાંધો



ઉઠાવ્યા બાદ રાહત કમિશનર અરવિંદ કારવાણી ત્યાં પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે અમે પરિસ્થિતિનો અભ્યાસ કર્યો છે અને પીડિતોને મદદ પૂરી પાડવામાં આવશે. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં કાશ્મીરી પંડિત પરિવારોને નવી દુકાનો આપ વામાં આવશે. તેમણે કહ્યું કે આ દુકાનો જમ્મુ ડેવલપ મેન્ટ ઓથોરિટીની જમીન પર બનાવવામાં આવી છે. અહીં શોપિંગ કોમ્પ્લેક્સ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં અહીં ૧૦ દુકાનો બનાવવામાં આવશે. આ દુકાનો કાશ્મીરી પંડિત પરિવારોને આપવામાં આવશે. અધિકારીએ કહ્યું કે દુકાનો હટાવવાનો વિરોધ ખોટો છે કારણ કે આ માટે કાશ્મીરી પંડિતો પાસેથી મંજૂરી લેવામાં આવી હતી. રાહત કમિશનરે કહ્યું કે આ લોકોને ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. જ્યારે આ લોકોએ જાતે દુકાનો હટાવી ન હતી ત્યારે ઓથોરિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

**કેશ ફોર વોટનો મામલો**

# રાહુલ ગાંધી, ખડગે અને સુપ્રિયા સુલેને વિનોદ તાવડેએ મોકલી લીગલ નોટિસ

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

કેશ ફોર વોટનો મામલે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મતદારોને લલચાવવા માટેના ‘કેશ ફોર વોટ’ના કથિત કાંડ મુદ્દે હજુ પણ રાજકીય ઘમસાણ જોવા મળી રહ્યું છે. આ કાંડમાં ભાજપના કદાવર નેતા અને રાષ્ટ્રીય મહા સચિવ વિનોદ તાવડે પર પૈસા વહેંચવાનો ગંભીર આક્ષેપ લાગ્યો હતો. ત્યારે હવે વિનોદ તાવડેએ રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને સુપ્રિયા સુલેને લીગલ નોટિસ મોકલી છે. ‘કેશ ફોર વોટ’ કાંડ મુદ્દો ચગ્યા બાદ ચૂંટણી પંચે જનપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ તાવડે સામે FIR નોંધાવી હતી. કુલ ત્રણ ફરિયાદો નોંધાઈ હતી, જેમાંથી બેમાં ભાજપ ઉમેદવાર અને એકમાં વિનોદ તાડવેનું નામ સામેલ છે. મહારાષ્ટ્રના અધિક મુખ્ય ચૂંટણી અધિકારી કિરણ કુલકર્ણીએ જણાવ્યું હતું કે, ‘નાલાસોપારામાં સૂચના મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આચારસંહિતાના પાલન માટે રચાયેલી ચૂંટણી તંત્રની ફ્લાઈંગ સ્કવોડ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફ્લાઈંગ સ્કવોડે પરિસરનો તાગ મેળવ્યો હતો અને કેટલીક જપ્તી પણ કરી હતી. બધું નિયંત્રણમાં છે અને જે કોઈ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરશે તેની સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.’

**તમારા પર પણ કરી દઈશું હુમલા : પુતિન**

# યુક્રેનની મદદ કરનારા અમેરિકા બ્રિટનને પુતિને આપી ધમકી

। (એજન્સી) મોસ્કો, તા.૨૨ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અમેરિકા અને બ્રિટન પર હુમલો કરવાની ધમકી આપી છે. યુક્રેન રશિયા સામે યુએસ અને બ્રિટનની મિસાઈલોનો ઉપયોગ કરી રહ્યું છે. ત્યારે રશિયાએ પણ ધમકી આપી છે કે, તે આ દેશો વિરુદ્ધ બેલેસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરશે. રિપોર્ટ પ્રમાણે એક ટીવી પર સંબોધન દરમિયાન પુતિને કહ્યું કે, જે લોકો યુક્રેનને મદદ કરી રહ્યા છે, તેમના પર પણ હુમલો કરવામાં આવશે. તેમણે કહ્યું કે, સામાન્ય નાગરિકોને સલામત સ્થળે લઈ જવા માટે અગાઉથી ચેતવણી જાહેર કરવામાં આવશે. પુતિને એક ટીવી પર સંબોધન આપતાં જણાવ્યું કે, ગુરુવારે યુક્રેન પર રશિયન હુમલો, આ અઠવાડિયાની શરૂઆતમાં અમેરિકન અને બ્રિટિશ મિસાઈલો સાથે રશિયન પ્રદેશ પર યુક્રેનના હુમલાના જવાબમાં હતો. તેમણે ચેતવણી આપી હતી કે, યુએસ એર ડિફેન્સ સિસ્ટમ રશિયન મિસાઈલોને રોકવામાં સક્ષમ નથી. યુક્રેને ગુરુવારે દાવો કર્યો હતો કે, રશિયાએ રાત્રે તેના એક શહેર પર ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. તો, અમેરિકન અધિકારીઓએ કહ્યું છે, કે શરુઆતી મૂલ્યાંકન સંકેત આપે છે, આ હુમલો મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલ દ્વારા કરવામાં આવ્યો હતો.

**ત્રણ બેઠકો પર નુકસાનની આશંકા**

# યોગી મહારાષ્ટ્ર-ઝારખંડમાં વ્યસ્ત, યુપીમાં જ વિદ્રોહથી ભાજપની ચિંતામાં વધારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

લોકસભા ચૂંટણીમાં થયેલા વિદ્રોહથી માત ખાયેલી ભાજપને નવ વિધાનસભા બેઠકો પર થયેલી પેટાચૂંટણીમાં પણ આવી જ સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. મતદાન બાદ વિદ્રોહને લઈને મળેલા ઈનપુટે ભાજપ ના ઉચ્ચ નેતાઓની ચિંતા વધારી દીધી છે. હવે પાર્ટી સ્તરે એ વાતનું આકલન કરવામાં આવી રહ્યું છે કે આનાથી કેટલું નુકસાન થયું છે. વિદ્રોહ કરનારને ચિહ્નિત પણ કરવામાં આવ્યા છે. કુંદરકી, કટેહરી અને ફૂલપુરમાં વિદ્રોહની સૌથી વધુ ફરિયાદો મળી છે. જોકે, ભાજપને શ્રેષ્ઠ પરિણામની આશા છે. તમામ બેઠકો પર ટિકિટને લઈને ઘણા પૂર્વ સાંસદો-ધારાસભ્યો અને જૂના કાર્યકર્તાઓએ દાવો કર્યો હતો પરંતુ પાર્ટીએ ટિકિટ આપવામાં ઉતાવળ ન કરીને બેઠક પ્રમાણે જાતિગત સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની જાહેરાત કરી હતી. ઘણી બેઠકો પર ટિકિટથી વંચિત લોકો તરફથી આંતરિક વિવાદ કર્યા જવાની વાત સામે આવી છે. મઝવાં, કટેહરી, કુંદરકી અને સીસામઉ બેઠક પર તો ઉમેદવાર જાહેર થયા બાદથી જ તેની ફરિયાદો મળી રહી હતી. તેને રોકવા માટે પાર્ટીના નેતાઓએ પ્રયત્ન પણ કર્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર સૌથી વધુ ફરિયાદો કટેહરી અને કુંદરકી બેઠક પર સામે આવી છે.




# ગાંધીનગરમાં એડવર્ટાઈઝમેન્ટ પોલિસી લાગૂ કરવામાં આવી

### ભારતની પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદના સ્થાપત્યની સુંદરતા અને રોજિંદા જીવનનું નિરૂપણ કરવામાં આવ્યું છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલી સામાન્ય સભામાં આઉટડોર એડવર્ટાઈઝમેન્ટ પોલિસી મંજૂર કરવામાં આવી હતી. જેથી હવે શહેરના માર્ગો અને બિલ્ડીંગો ઉપર આડેધડ લાગતા હોર્ડિંગ્સ અને બેનર ઉપર રોક લગાવી શકાશે. હવે કોઈપણ સ્થળે જાહેરાત કરવા માટે કોર્પોરેશનની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. જોકે સરકારી વિભાગોને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.પાટનગર હોવા છતાં ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગોની આસપાસ આડેધડ મસ મોટા હોર્ડિંગ્સ અને બેનર લગાવી દેવામાં આવતા હતા. જેના કારણે શહેરની સુંદરતા બગડતી હોવાની સાથે માર્ગ સલામતીને પણ જોખમ ઊભું થયું હતું ત્યારે આ મામલે છેલ્લા ઘણા સમયથી કોર્પોરેશન દ્વારા આઉટડોર એડવર્ટાઈઝમેન્ટ પોલિસી તૈયાર કરવામાં આવી રહી હતી. જેને સ્થાયી સમિતિ બાદ આજે મેયર મીરાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં રજૂ કરવામાં આવી હતી. જે પોલિસીને સભા દ્વારા મંજૂર કરી દેવામાં આવી છે. જેમાં હવે હોર્ડિંગ્સ, બેનર, કિઓસ્ક કે વાહનો પર કરવામાં આવતી જાહેરખબરો માટે પણ મહાનગરપાલિકાની મંજૂરી લેવી પડશે.




કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં 'જોબ્સ એટ યોર ડોરસ્ટેપ' શીર્ષકનો અહેવાલ બહાર પાડ્યો.

### ત્રણ ઈસમોની ધરપકડ કરવામાં આવી

# ભુજમાં હાથીદાંતની બંગડીઓ વેચવાનું કારસ્તાન ઝડપાયું

। (એજન્સી) ભુજ, તા.૨૨ ।

ભુજ શહેરમાં આવેલ ડાડા બજારમાં ચોરી છુપી રીતે હાથીદાંતની બંગડીઓ વેચાણ કરવાનું કારસ્તાન એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડયું છે.આ બનાવમાં ચાર ઈસમોના નામ ખુલવા પામ્યા છે. જેમાં ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે ૧૦ પૈકી ૭ બંગડી હાથીદાંતની હોવાનું ખુલવા પામ્યું છે.જાણવા મળતી વિગતો મુજબ બજાર વિસ્તારમાં મણીયાર બેંગલ્સ નામની દુકાનમાં હાથીદાંતની બંગડીઓ બનાવાય છે તેવી બાતમી મળતા પોલીસ ટિમ સ્થળ પર જઈને આસીમ અહમદ મણીયાર હાજર હતો. દુકાનના ટેબલના ખાનામાં નાની મોટી જાડી સાઈઝની હાથીદાંતની બંગડી નંગ ૧૦ મળી આવી હતી.ભુજ એ ડિવિઝન પોલીસ મથકે ભુજના સોનીવાડ વિસ્તારમાં આવેલ મુનશી શેરીમાં રહેતા આસીમ અહમદ મણીયાર, અહમદ સુલેમાન મણીયાર,અલ્તાફ અહમદ મણીયાર,અઝરૂદીન નિઝામૂદીન મણીયારને લઈ જવાયા હતા.જ્યાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસના દરોડા દરમિયાન સ્થળ પર પશુ ચિકિત્સક ડો.દીક્ષિત પરમારને બોલાવાયા હતા.અને ૧૦ બંગળીના સેમ્પલો લેવાયા હતા.આ સેમ્પલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી રાજકોટ મોકલવામાં આવ્યા હતા જેમાં ૧૦ પૈકી ૭ બંગડી હાથી દાંતની હોવાનું બહાર આવવા પામ્યું હતું. જેની અંદાજીત કિંમત એક લાખની હોવાનું જાણવા મળે છે એસ.પી.વિકાસ સુંડાના જણાવ્યા પ્રમાણે ૭ બંગડી હાથીદાંતની છે જે ક્યાંથી આવી હતી.તે તપાસ ચાલી રહી છે તેમજ આગળની કાર્યવાહી માટે વન વિભાગને તપાસ સોંપવામાં આવશે આ બનાવમાં વાઈલ્ડ લાઈફ એક્ટ મુજબ કાર્યવાહી વન વિભાગ દ્વારા કરવામાં આવશે.

# ૧૦ કરોડ ખર્ચી ટ્રાફિકના નિવારણ માટેની ડિઝાઈન બનાવી અને હવે એ યોજના જ બની માથાનો દુખાવો

### કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલી આ ડિઝાઇન મુશ્કેલીની ડિઝાઇન બની રહી છે કેમકે તેના કારણે ટ્રાફિકની મુશ્કેલી ઘટવાને બદલે વધી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ટ્રાફિકના નિરાકરણ માટે શહેરના મુખ્ય જંકશન પર ડિઝાઈન અને સર્વેનો ખર્ચ કરીને એક સરસ મઝાની યોજના બનાવી. પહેલી તો વાત એ કે અમદાવાદના અનુપમ સિનેમા પાસેના સર્કલની કોઈપણ મંજૂરી પહેલાં જ નવી ડિઝાઈન તૈયાર કરવામાં આવી. પરંતુ કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલી આ ડિઝાઈન મુશ્કેલીની ડિઝાઈન બની રહી છે. કેમકે તેના કારણે. ટ્રાફિકની મુશ્કેલી ઘટવાને બદલે વધી !

- રોંગ સાઈડમાં વાહનો આવવાનું વધ્યું
- આમને સામને વાહનોથી અકસ્માત વધ્યા
- લેફ્ટ ટર્નિંગ પર વધુ વાહનોનો જામ થઈ રહ્યા છે
- રાહદારીઓ માટેના ફૂટપાથની જગ્યાનો કોઈ ઉપયોગ નહીં
- એક પણ જગ્યા પર સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા નથી

જોકે આખા મામલામાં સવાલ એ થાય છે કે, મંજૂરી વગર કામ,

- ડિઝાઈન કમિટીમાં મંજૂર થાય તે પહેલાં કામ પૂરું કેવી રીતે ?
- રોડ એન્ડ બિલ્ડીંગ કમિટીમાં કામ મંજૂર કરાયું
- તે પહેલા તો કામ પૂર્ણતાના આરે કેવી રીતે આવી ગયું ?
- મંજૂરી વિના કામગીરી કરવાની કોની સત્તા ?
- એજન્સીને ફાયદો કરાવવા અધિકારીઓની મીલીભગત છે ?
- ૧૦ કરોડ રૂપિયા માત્ર ડિઝાઈન બનાવવા પાછળ ખર્ચ
- ૪૫ જંકશન પર આ રીતે ડિઝાઈન બનાવવામાં આવશે
- જૂના અનુભવો એવા રહ્યા છે કે અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યાના નિરાકરણમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક વિભાગ ક્યારેય સફળ રહ્યું નથી. ત્યારે ફરી એક વખત ટ્રાફિકના નિરાકરણ માટે પાલિકાએ બીડું ઉપાડ્યું છે અને શહેરના મુખ્ય જંકશન પર મંજૂરી વગર જ ડિઝાઈન અને સરવેનો ખર્ચ કરી નાખ્યા બાદ હવે ડિઝાઈન બનાવવા માટે કોર્પોરેશન કામે લાગ્યું છે. એને માટે ૧૦ કરોડ ૫૨લાખ રૂપિયાના ખર્ચે શહેરના ૪૫ જેટલા જંકશન પર ટ્રાફિક ન થાય તે પ્રકારની ડિઝાઈન બનાવવામાં આવશે.
- શહેરમાં અલગ અલગ વિસ્તારમાં જંકશન પર વારંવાર લેફ્ટ ટર્નિંગ ખોલવા બાબતે પણ અનેક વખત ડિઝાઈન બદલાયા કરે છે, વારંવાર ડિઝાઈન બદલવાથી, કરોડો રૂપિયાનો ખર્ચ કર્યા પછી પણ ટ્રાફિકનું નિરાકરણ થશે ખરું ? એ પાલિકાના ઈરાદાઓ જોતાં સૌથી મોટો સવાલ છે.

# અમદાવાદનો રિવર ફ્રન્ટ બન્યો સ્યુસાઇડ પોઇન્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

આમ તો સાબરમતી નદીને રિવર ફ્રન્ટ પર્યટન સ્થળ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ ઓળખ બદલાઈ ગઈ છે. કારણ કે લોકો સાબરમતી નદીમાં ફરવા માટે આવે છે, પરંતુ કેટલાક લોકો મરવા પણ તૈયાર હોય છે. જેમાં આ વર્ષે ૧૦૮ લોકોએ નદીમાં કૂદીને પોતાનો જીવ આપ્યો હતો. તે જ સમયે, ૨૭ લોકોને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા. છેલ્લા ઘણા વર્ષોથી આ ટ્રેન્ડ અટક્યો નથી. એ પણ ચિંતાનો વિષય છે કે છેલ્લા પાંચ વર્ષમાં ૧૦૦૦થી વધુ કોલ આવ્યા હતા. જેમાંથી ૭૦૦થી વધુ લોકોના મોત થયા છે. અને ૨૦૦ જેટલા લોકોને બચાવી લેવાયા હતા. જેમાં કેટલાક બાળકોનો પણ સમાવેશ થાય છે. અને એવું પણ તારણ કાઢવામાં આવ્યું છે. ફાયર બ્રિગેડ વિભાગના જણાવ્યા અનુસાર, મૃત્યુ પાછળના મોટાભાગના કારણો ઘરેલું વિખવાદ, આર્થિક તંગી અને પ્રેમ પ્રકરણના કારણે લોકોના જીવન ટૂંકાવી લેવાના કારણે સામે આવ્યા છે.

## ભરૂચના વાંદરિયા ગામે કાર હટાવવાના મુદ્દે બે જૂથ વચ્ચે ધિંગાણું : બે ઘાયલ

। (એજન્સી) ભરૂચ, તા.૨૨ ।

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના વાંદરિયા ગામે ઈક્કો ગાડી હટાવવા મુદ્દે એક જ કોમના બે જૂથ વચ્ચે ધિંગાણું સર્જાતા બે લોકોને ઈજાઓ પહોંચી હતી. મારામારી અંગે વાલિયા પોલીસ સામે સામે પોલીસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.મારામારી માં શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન સહિત ૯ સામે પોલીસ ફરિયાદ થઈ છે. ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના વાંદરીયા ગામના નિશાળ ફળિયામાં રહેતો પ્રતિક યોગેશ વસાવા ગત તારીખ-૧૭ નવેમ્બરના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં પ્રતીકના કાકા ચોરઆમલામાં રહેતા દીપક ચંપક વસાવા ઈક્કો ગાડી લઈને આવ્યા હતા. જે ઈક્કો ગાડી અચાનક બંધ પડી થઈ હતી. જે ગાડીને ભત્રીજો સહીત તેના મિત્રો ધક્કો લગાવી રહ્યા હતા. તે વેળા ગામના રવીન્દ્ર રૂપજી વસાવા અને તેની પત્ની સાથે આવી રસ્તો ખુલ્લો કરી આપો તેમ કહેતા માથાકૂટ થઈ હતી.

### રાજસ્થાની ગેંગ ઝડપાઈ

# ડિજિટલ અરેસ્ટ કરી અમદાવાદના વેપારી સાથે એક કરોડની ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

દેશભરમાં સાયબર ક્રિમિનલ્સ લોકોને પોતાની જાળમાં ફસાવવા માટે રોજ નવી નવી રીતો શોધી કાઢે છે. આજકાલ સાયબર ક્રિમિનલ્સ લોકોને ડિજિટલ અરેસ્ટનો શિકાર બનાવી રહ્યા છે. ડિજિટલ અરેસ્ટના કેસ ઝડપથી વધી રહ્યા છે અને દરરોજ કોઈને કોઈ વ્યક્તિ ડિજિટલ અરેસ્ટનો શિકાર બની રહ્યો છે. ડિજિટલ અરેસ્ટ એ સાયબર ફ્રોડનો એક પ્રકાર છે જેમાં ગુનેગારો લોકોને ધમકી આપીને પૈસા પડાવવાનો પ્રયાસ કરે છે. ઓનલાઈન લૂંટારુંઓ ક્યારેક નકલી IPS તો ક્યારેક CBI ઓફિસર બનીને હાઈપ્રોફાઈલ લોકોને દેશદ્રોહી, આતંકવાદી, બળાત્કારી, દાણચોર કહીને લાખો અને કરોડો રૂપિયાની લૂંટ ચલાવે છે. કલાકો સુધી ઘરમાં બંધ રહેવા મજબૂર કરી દે છે. ત્યારે હવે અમદાવાદમાં આવો જ કિસ્સો સામે આવ્યો છે.અમદાવાદના બિલ્ડર ડિજિટલ અરેસ્ટનો ભોગ બન્યા. અમદાવાદના બિલ્ડર પાસેથી સાયબર ગઠિયાઓએ ૧ કરોડ રૂપિયા પડાવી લીધા હતા. આરોપીઓ પાર્સલમાં MD ડ્રગ્સ મળ્યું હોવાનું કહીને ડિજિટલ અરેસ્ટ કર્યા હતા. સાયબર ક્રિમિનલ્સે પોતાને દિલ્લી પોલીસ અને CBIના અધિકારી તરીકે ઓળખાવ્યા હતા. ગઠિયાઓએ બિલ્ડરને કહ્યું કે તેમના પાર્સલમાં MD ડ્રગ્સ મળ્યું છે. આમ કહીને સાયબર ગઠિયાઓએ અમદાવાદના બિલ્ડર પાસેથી ૧ કરોડની રકમ પડાવી લીધી હતી. ત્યારે પોલીસે આ સાયબર ક્રિમિનલ્સની ગેંગને ઝડપી લીધી. સાયબર ક્રાઈમ પોલીસે રાજસ્થાનની ગેંગને ઝડપી લીધી અને આરોપીની ધરપકડ કરીને આગળની તપાસ શરૂ કરી છે. સાયબર ક્રાઈમની આ નવી રીતમાં સાયબર ઠગ લોકોને ઓડિયો અથવા વીડિયો કૉલ કરીને AI જનરેટેડ વૉઈસ અથવા વીડિયો કોલ દ્વારા અને પોલીસ ઓફિસર હોવાનો ઢોંગ કરીને, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (NCB), સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન અધિકારીઓ અથવા કસ્ટમ અધિકારી હોવાનો દાવો કરે છે.

# અમરાઈવાડી વિસ્તારમાં આવેલી શિવમ વિદ્યાલયની મનમાની સામે આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદની શિવમ વિદ્યાલયે પહેલા તો નિયમોનો ઉલાળિયો કરી શાળાની ટેરેસ પર મોબાઈલ ટાવર લગાવ્યો. આ અંગે NSUI એ શિક્ષણાધિકારીને રજૂઆત કર્યા બાદ શિક્ષણાધિકારીએ ૭ દિવસની અંદર મોબાઈલ ટાવર શાળા પરથી હટાવવાની શિવમ વિદ્યાલયને નોટિસ ફટકારી છે. છતા શિવમ વિદ્યાલયના સત્તાધિશો મનમાની કરી રહ્યા છે અને હજુ પણ મોબાઈલ ટાવર હટાવવાની કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. આ જ મુદ્દે NSUI દ્વારા આજે ફરી શાળામાં આચાર્યની ઓફિસમાં ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે દેખાવો કરવામાં આવ્યા અને નકલી નોટો ઉડાડી વિરોધ કરવામાં આવ્યો. આ તરફ NSUIના વિરોધને પગલે શાળાએ પણ વિદ્યાર્થીઓને સમય કરતા વહેલા જ ઘરે રવાના કરી દીધા હતા. ત્યારે સવાલ એ પણ ઉઠી રહ્યો છે કે શું શાળા મોબાઈલ ટાવર અંગે વિદ્યાર્થીઓને અંધારામાં રાખી રહી છે? શું આ જ કારણે પાપ છુપાવવા જ વિદ્યાર્થીઓ કંઈ સમજે એ પહેલા જ તેમને સમય કરતા વહેલા ઘરે રવાના કરી દેવાયા ?

### કોલ્ડપ્લેના શોની ટિકિટને લઈ કાળા બજારી શરૂ થઈ ગઈ

# વિદ્યાર્થીનીએ સોશિયલ મીડિયાના માધ્યમથી ટિકિટ ખરીદતા છેતરાઈ : ટિકિટો ફેક નીકળી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

આગામી સમયમાં અમદાવાદમાં યોજાનાર કોલ્ડપ્લેના શોની ટિકિટને લઈ કાળા બજારી શરૂ થઈ ગઈ છે. તો સાથે સાયબર ગઠિયાઓ પણ નવી મોડસ ઓપરેન્ડી લઈને માર્કેટમાં આવી ગયા છે. સોશિયલ મીડિયા પેજ પર સ્પોન્સર એડ કરી સસ્તામાં ટિકિટ આપવાની લાલચ આપી સાયબર ગઠિયાઓ લોકો સાથે છેતરપિંડી આચરી રહ્યાં છે, જેનો ભોગ વડોદરાની વિદ્યાર્થિની બની છે. વિદ્યાર્થિનીએ કોલ્ડપ્લેના શોની ૬ ટિકિટ રૂપિયા ૩૧ હજારમાં ખરીદી હતી, જે ફેક નીકળી હતી. જોકે, સમયસર સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરતા ૨૪ હજારની રિકવરી થઈ હતી. જો તમે પણ આવા કોઈ સાયબર ફ્રોડનો ભોગ બનો છો તો એક કલાકમાં જ તાત્કાલીક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરો જેથી તમારા ગયેલા નાણા પરત મળી શકે! આ અંગે સાઈબર એક્સપર્ટ મયુર ભુસાવળકરે જણાવ્યું હતું કે, હાલમાં જે કિસ્સો સામે આવ્યો તેમાં એવું હતુ કે, ભોગબનનારે એકસાથે ૭ ટિકિટ બુકિંગ કરી હતી. ખરેખરમાં આ કોન્સર્ટની એક યુઝર માત્ર ચાર ટિકિટ બુક કરી શકે છે. સાયબર અપરાધીએ એવી લાલચ આપી કે, અમે તમને ૭ ટિકિટ આપીશુ અને ૩૫૦૦ની ટિકિટને ૫૨૦૦માં ઓફર કરવામાં આવી હતી. જેમાં ભોગ બનનારે ૩૦,૯૯૯ રૂપિયા જેટલું પેમેન્ટ કર્યું. આ પેમેન્ટ લીધા પછી આ ઠગબાજોએ એક ફેંક ટિકિટ કે જે એક ટેમ્પ્લેટ બનાવીને આ લોકોને મોકલવામાં આવી અને એ લોકોને એવું કહેવામાં આવ્યું કે, બાકીની ટિકિટ જે ફિઝિકલ ટિકિટ છે એ તમને અઠવાડિયા પહેલા તમને મળી જશે.વધુમાં કહ્યુ કે, ભોગ બનનારે જ્યારે એ ટિકિટને વેરિફાઈ કરી ત્યારે આ પ્રકારનો આખો મુદ્દો સામે આવ્યો હતો. સૌપ્રથમ તો હું દિવ્યભાસ્કર ડિજિટલના માધ્યમથી જણાવવા માંગીશ કે, જ્યારે આવા કોઈ કોન્સર્ટ આવતાં હૉય છે, ત્યારે તેઓ ફેંક પેજ બનાવતા હૉય છે.

## વિશેષ

### બીજામૃત, જીવામૃત, આચ્છાદનનો મહત્વ, તેને બનાવવાની રીત અને ફાયદા

# પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ એટલે બીજામૃત, જીવામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જંતુનાશક અસ્ત્રો

। (માહિતી) ગાંધીનગર ।

પ્રાકૃતિક ખેતી મુખ્યત્વે દેશી ગાય પર આધારિત છે. જેના ગોબર અને ગૌમુત્ર થકી ઓછા ખર્ચની ખેતી કરી શકાય છે. જેમાં ઘર ગથ્થું સામગ્રીના માધ્યમથી જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ), જંતુનાશક અસ્ત્રો બનાવી શકાય છે. જે જમીનની ફળદ્રુપતા વધારીને પાકની વૃધ્ધિમાં વધારો કરે છે. એટલે જ પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ તરીકે જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જંતુનાશક અસ્ત્રોને ઓળખવામાં આવે છે. બીજામૃતઃ- બીજામૃતનો ઉપયોગ પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં વાવણી પહેલા બીજને પટ આપવા માટે થાય છે. જેને બીજઅમૃત તરીકે પણ ઓળખવામાં આવે છે. બીજામૃત બનાવવાની રીતઃ- બીજામૃત બનાવવાની પધ્ધતિ ખૂબ સરળ છે, કોઈ પણ ખેડૂત ઘર-આંગણે ઉપલબ્ધ ચીજ-વસ્તુઓમાંથી ઘરે જ સરળતાથી બનાવી શકે છે. જેમાં દેશી ગાયનું છાણ ૫ કિગ્રા, ગૌમૂત્ર ૫ લિટર, ખેતરની માટી ૨૦૦ ગ્રામ અને ચૂનો ૨૫૦ ગ્રામ જેને ૨૦ લિટરની ડોલમાં નાખીને લાકડીની મદદથી ભેળવીને ૨૪ કલાક સુધી રહેવા દેવુ, જ્યારે અમૃત પાણી તૈયાર થઈ જાય પછી બીજને સપાટ જમીન પર મુકી બીજને પટ આપવો, અને ત્યારબાદ વાવણી કરવી. બીજામૃતથી બીજની સારવાર કરવાના ફાયદાઃ- બીજની સારવાર કરવાથી શ્રેષ્ઠ પરિણામો મળે છે, બીજામૃત માંથી તમામ પોષક તત્વો મળે છે, જેનાથી તેની અંકુરણ ક્ષમતા વધે છે. બીજામૃતથી બીજ જન્ય રોગો સામે રક્ષણ મળે છે, તેમજ ફુગ અને જમીનમાં રહેલા રોગોથી બચવાની ક્ષમતા પ્રદાન કરે છે. જીવામૃતઃ- દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાં રહેલા બેકટેરિયાના દ્રાવણને જીવામૃત અથવા અમૃતપાણી કહેવામાં આવે છે. જેમા ઘણા બેકટેરિયા હોય છે, જે ખેતીમાં ઉપયોગી બને છે. જીવામૃત બનાવવાની રીતઃ- ૧૦ લીટર દેશી ગાયનું ગૌમુત્ર ૧૦ કિગ્રા દેશી ગાયનું તાજુ છાણ ૧ મુઠ્ઠી ઝાડ નીચેની/શેઢા-પાળા/વાડની માટી ૫૦૦ કિગ્રા દેશી ગોળ ૧ કિગ્રા ચણા કે કોઈપણ દાળના લોટનું મિશ્રણ



તૈયાર કરવું અને તેને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી મીલાવો, ત્યાબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયડે રાખવું. પછી લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવારે-સાંજે ૨ વખત અને ૫-૫ મિનિટ માટે હલાવવું. આ જીવામૃત ઉનાળામાં બે-ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડિયામાં તૈયાર થઈ જાય છે. જીવામૃત તૈયાર થયા પછી ૧૫ દિવસ સુધી ઉપયોગ કરી શકાય છે. વાપરવાની રીતઃ- એક એકર માટે ૨૦૦ લી. જીવામૃતને ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું અને ઉભા પાક પર છંટકાવ કરવો. જીવામૃતના ફાયદાઃ- પાકને જરૂરી નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ વગેરે પોષકતત્વો પુરા પાડે છે. ફુગનો નાશ કરે છે. અને જંતુનાશક તરીકે પણ કાર્ય કરે છે. જે જમીનને ઢીલી અને મુલાયમ રાખે છે. જેથી જમીનમાં ભેજ જળવાઈ રહેતા સિંચાઈ ઓછી કરવી પડે છે. આચ્છાદન એટલે મલ્ચિંગ આચ્છાદનને સરળ ભાષામાં કહીએ તો વનસ્પતિના પર્ણો અથવા પાકના અવશેષોથી જમીનને ઢાંકવાની પ્રક્રિયા. જમીનની ઉપરની સપાટી પર રહેતા સૂક્ષ્મ જીવો અને દેશી અળસિયાઓને પ્રતિકૂળ વાતાવરણ જેવા કે તોફાન, અતિશય વરસાદ, ગરમી, ઠંડી કે અન્ય જોખમોથી બચાવવા માટે કુદરતી આવરણથી ઢાંકવામાં આવે છે, જેને આચ્છાદન કહે છે. આચ્છાદનના ફાયદાઃ- આચ્છાદનથી પાકને ગરમીથી બચાવી શકાય છે, પાણી બાષ્પીભવન થતાં અટકે છે જેથી જમીનમાં ભેજ લાંબો સમય સુધી જળવાઈ રહે છે. તેમજ જમીનની ફળદ્રુપતા વધારનાર સૂક્ષ્મ જીવોનો વૃદ્ધિ થતાં પાકનો સારો વિકાસ થાય છે. આમ પ્રાકૃતિક ખેતીથી ભૂમીની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર-ગૌમૂત્ર થી લગભગ ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. પ્રાકૃતિક ખેતી થકી, નહીવત ઉત્પાદન ખર્ચ, પાકના પોષણક્ષમ બજાર ભાવ, પાણીની બચત, પર્યાવરણ જતન અને માનવીય સ્વાસ્થ્યનું પણ જતન થાય છે. પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવવા માટે સૌ પ્રથમ ખેડૂતોએ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશ બંધ કરવો જોઈએ અને દેશી ગાયના ગૌમૂત્ર, ગોબરમાંથી તૈયાર કરેલ જીવામૃત અને બીજામૃત ઉપયોગ કરી જમીન તૈયાર કરવી, ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કરવું અને પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્તંભ મુજબ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરવાથી શ્રેષ્ઠ પરિણામો મળતા હોય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




ગુજરાત વિધાનસભામાં 'લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ ટ્રેનિંગ' કાર્યક્રમમાં વિશેષ અતીથી તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા.

### અપર કટથી તો દિલ જીતી લીધું

# પોતાની પહેલી જ આંતરરાષ્ટ્રીય ઈનિંગમાં ટોપ સ્કોરર રહ્યો ખેલાડી નીતિશ કુમાર રેડ્ડી

। (એજન્સી) પર્થ, તા.૨૨ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પહેલી મેચમાં જ્યાં ભારતીય બેટરો એક પછી એક ધરાશાયી થઈ ગયા હતા ત્યાં નવોદિત ખેલાડી નીતિશ કુમાર રેડ્ડીએ પોતાના બેટથી શાનદાર પ્રદર્શન કર્યું હતું. રેડ્ડીએ પોતાની કારકિર્દીની પહેલી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયન બોલરોને જડબાતોડ જવાબ આપ્યો હતો. નીતિશે આઉટ થતા પહેલા પેટ કમિન્સ સામે શાનદાર છગ્ગો માર્યો હતો. આ ૨૧ વર્ષીય યુવા ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીએ પર્થ જેવી ઝડપી અને ઉછાળ ધરાવતી પિચ પર શાનદાર



બેટિંગ કરી હતી. નીતિશને ભવિષ્યનો સ્ટાર કહેવામાં આવી રહ્યો છે. તેણે ગત IPL સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતી વખતે બેટિંગ અને બોલિંગમાં હલચલ મચાવી હતી. જ્યારે વિરાટ કોહલી, કેએલ રાહુલ અને યશસ્વી જયસ્વાલ જેવા દિગ્ગજ ખેલાડીઓ પર્થના ઓપ્ટસ સ્ટેડિયમની ઝડપી અને ઉછાળવાળી પિચ પર સસ્તામાં આઉટ થઈ ગયા હતા. ત્યારે નીતિશ કુમાર રેડ્ડીએ ૫૯ બોલમાં ૪૧ રનની જોરદાર ઈનિંગ રમી હતી જેમાં ૬ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે. પહેલી ઈનિંગમાં ભારત તરફથી સૌથી વધુ રન બનાવનાર બેટર હતો. નીતિશની આ શાનદાર ઈનિંગના આધારે ભારતીય ટીમે પહેલી ઈનિંગમાં ૧૫૯ રન બનાવ્યા હતા. ભારતીય ટીમ ૪૯.૪ ઓવરમાં સમેટાઈ ગઈ હતી. ભારત તરફથી વિકેટકીપર રિષભ પંતે ૩૭ રન બનાવ્યા હતા. જ્યારે કેએલ રાહુલ ૨૬ રન બનાવીને વિવાદાસ્પદ રીતે આઉટ થઈ ગયો હતો.

## ન્યૂઝ બ્રિફ

### સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ અને નિફ્ટીમાં વધારો દેખાયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ અને નિફટીમાં વધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૯૬૧.૩૨ પોઈન્ટના વધારા સાથે ૭૯,૧૧૭.૧૧ પર અને નિફટી ૫૦ ૨.૩૯ ટકા અથવા ૫૫૭.૩૫ પોઈન્ટના વધારા સાથે ૨૩,૯૦૭.૨૫ પર બંધ થયો. સેન્સેક્સની ઈન્ટ્રા-ડે હાઈ ૭૯,૨૧૮.૧૯ અને નિફટીની ઈન્ટ્રા-ડે હાઈ ૨૩,૯૫૬.૧૦ હતી. તમને જણાવી દઈએ કે, સેન્સેક્સમાં તીવ્ર ઉછાળાને કારણે લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં રૂ. ૭ લાખ કરોડનો વધારો થયો છે. BSEની ટોચની ૩૦ કંપનીઓમાં માત્ર HDFC બેન્કના શેર જ લાલ નિશાનમાં બંધ થયા. આ સિવાય તમામ શેરમાં ઉછાળો જોવા મળ્યો છે. SBI, ITC, Titan, TCS, Reliance, Bajaj Finance, JSW સ્ટીલના શેર ૩ ટકાથી વધુના વધારા સાથે બંધ થયા છે. આજે નિફટીમાં ૯૨ કંપનીઓના શેરમાં અપર સર્કિટ લાગી હતી. ૫૬ કંપનીઓના શેર લાલ નિશાન પર બંધ થયા હતા. NSEના ડેટા અનુસાર, કુલ ૨૮૬૮ કંપનીઓમાંથી ૧૯૧૭ના શેરમાં વધારો જોવા મળ્યો હતો.. ૮૭૭ કંપનીઓના શેરોએ નિરાશ કર્યા છે. આ કંપનીઓના શેર ઘટાડા સાથે બંધ થયા હતા. તમને જણાવી દઈએ કે, ૭૪ કંપનીઓના શેરના ભાવમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો.

### પહેલા મર્યો, લાશ ફ્રીઝરમાં રાખી, બાદમાં જીવતો થયો

। (એજન્સી) જયપુર, તા.૨૨ ।

તમે કોઈના અંતિમ સંસ્કારમાં જાવ અને ચાર કાંધિયા લાશને જમીન પર રાખતા જ હરકત થવા લાગે તો સ્વાભાવિક છે કે તમને વિશ્વાસ નહીં આવે, જો અહીં કંઈક આવું જ થયું છે. એ પણ રાજસ્થાનના ઝુનઝુનુમાં. આ મામલો બગડ પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. જ્યાં મોત બાદ લાશનું પોસ્ટમોર્ટમ પણ થયું અને બે કલાક તેને મડદાઘરમાં ડીપ ફ્રીઝરમાં પણ રાખવામાં આવી. લાશ જ્યારે શ્મશાન પહોંચી તો તેણે હરકત કરી અને લોકો ડરી ગયા. ત્યાર બાદ લાશ પાછી હોસ્પિટલ લઈ ગયા. લગભગ ૧૨ કલાક બાદ ફરીથી મોત થઈ ગયું. તેને ચમત્કાર કહેવો કે પછી લાપરવાહી, જે પણ કહો, પણ આખી ઘટના ચોંકાવનારી હતી. હકીકતમાં જોઈએ તો, લગભગ ૪૭ વર્ષના મૂકબધિર રોહિતાશ શ્મશાનમાં અર્થી પર સુતેલો હતો. મા સેવા સંસ્થાના લોકો ચિતા તૈયાર કરી ચૂક્યા હતા. અગ્નિ સંસ્કારની તૈયારીઓ ચાલી રહી હતી. ત્યારે મૃતદેહમાં હરકત થઈ. આ હરકત વારંવાર થવા લાગી. પહેલા તો લોકો ડરી ગયા, પણ જ્યારે હરકત સતત થતી રહી તો લોકો સમજી ગયા હતા કે રોહિતાશ જીવતો છે. ફટાફટ તેને બીડીકે હોસ્પિટલ ઝુનઝુનુ લઈ જવામાં આવ્યો. ત્યાં હાજર ડોક્ટર્સ પણ ચોંકી ગયા. કારણ કે ગુરુવાર બપોરે રોહિતાશની તબિયત ખરાબ થઈ તો તેને ઝુનઝુનુની બીડીકે હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. સારવાર દરમ્યાન બપોરે ૧ વાગ્યાની આસપાસ ડોક્ટર્સે તેને મૃત જાહેર કરી દીધો. તેનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ બનીને તૈયાર થઈ ગયો.

### ભારત-અમેરિકા વચ્ચેના સંબંધો મજબૂત પાયા પર છે

# અદાણી કેસ પર વ્હાઈટ હાઉસનું નિવેદન, કહ્યું અમારી નજર છે

### અદાણી ગ્રૂપે આ પ્રોજેક્ટ્સ માટે અમેરિકન રોકાણકારો પાસેથી ભંડોળ એકત્ર કર્યું હોવાથી અમેરિકન કોર્ટમાં કેસ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

દિગ્ગજ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી દ્વારા સૌર ઉર્જા પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટ મેળવવા માટે અંદાજે ૨ હજાર કરોડની લાંચની ઓફર કરવાના આરોપો વચ્ચે હવે આ મામલે વ્હાઈટ હાઉસનું નિવેદન પણ બહાર આવ્યું છે. અદાણી ગ્રૂપે આ પ્રોજેક્ટ્સ માટે અમેરિકન રોકાણકારો પાસેથી ભંડોળ એકત્ર કર્યું હતું, જેના કારણે અમેરિકન કોર્ટમાં તેમની સામે આ કેસ થયો છે. વ્હાઈટ હાઉસનું કહેવું છે કે, અમે આ આરોપોથી વાકેફ છીએ. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરીન જીન પિયરે કહ્યું કે, અમે આ મામલે નજર રાખી રહ્યા છીએ. માત્ર અમેરિકાનું સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) અને ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ (DoJ) જ આ



આરોપો અંગે જરૂરી માહિતી આપી શકશે, પરંતુ હું ભારત અને અમેરિકાના સંબંધો પર આ બાબતની અસર વિશે વાત કરીશ. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરીન જીન પિયરે કહ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત પાયા પર છે. આ બંને દેશોના લોકો વચ્ચેના સંબંધો અને અમારા દ્વિપક્ષીય સહયોગ સાથે જોડાયેલું છે. અમે માનીએ છીએ અને સંપૂર્ણ વિશ્વાસ છે કે, અમે આ મુદ્દાને ઉકેલ તરફ લઈ જઈશું, જેમ અમે અન્ય કેસોમાં પણ કર્યું છે. પરંતુ માત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન અને જસ્ટિસ ડિપાર્ટમેન્ટ જ આ બાબતે કોઈપણ પ્રકારનો પ્રતિભાવ આપી શકશે. પરંતુ હું ફરી એકવાર કહેવા માંગુ છું કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો મજબૂત પાયા પર આધારિત છે. મહત્ત્વપૂર્ણ છે કે, ગૌતમ અદાણી નવા આરોપોથી ઘેરાયેલા છે. ભારતમાં સૌર ઉર્જા પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને અંદાજે રૂ. ૨,૨૫૦ કરોડની લાંચ આપવાનો આરોપ છે. અદાણી ગ્રૂપે આ પ્રોજેક્ટ્સ માટે અમેરિકન રોકાણકારો પાસેથી ભંડોળ એકત્ર કર્યું હતું, જેના કારણે અમેરિકન કોર્ટમાં તેમની સામે આ કેસ થયો છે. ગ્રુપને ૨૦ વર્ષમાં આ પ્રોજેક્ટ્સમાંથી લગભગ $2 બિલિયનનો નફો મળવાની અપેક્ષા હતી. આ સમગ્ર મામલે મુખ્ય પાત્રમાં અદાણી ગ્રુપના ચેરમેન અને ફાઉન્ડર ગૌતમ અદાણી, અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણી, એઝ્યુર પાવરના CEO રણજીત ગુપ્તા, એઝ્યુર પાવરના એડવાઈઝર રૂપેશ અગ્રવાલ અમેરિકન ઈશ્યુઅર છે. USના આરોપ મુજબ, અદાણી ગ્રૂપ અને અમેરિકન ઈશ્યુઅરે સરકારી માલિકીની સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI)ને ૧૨ ગીગાવોટ સોલાર પાવર આપવાનો કોન્ટ્રાક્ટ જીત્યો હતો.

### મહારાષ્ટ્રમાં પરિણામો પહેલા ભાજપને ઝટકો

# સચિન શિંદે માહિમમાં શિવસેનામાં જોડાયા



। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

મહારાષ્ટ્રમાં ભાજપને પરિણામો પહેલા ઝટકો લાગ્યો છે. મુંબઈ બીજેપીના સચિવ અને માહિમથી પાર્ટીના નેતા સચિન શિંદે તેમના કાર્યકર્તાઓ સાથે ઉદ્ધવ ઠાકરેની પાર્ટીમાં જોડાયા. સચિન શિંદે માહિમમાં શિવસેના (UBT)માં જોડાયા છે. BJP મુંબઈ સચિવ સચિન શિંદે શુક્રવાર (૨૨ નવેમ્બર)ના રોજ માતોશ્રીમાં તેમના સહયોગીઓ સાથે શિવસેના (UBT)માં જોડાયા. પાર્ટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ તેમની કલાઈ પર શિવબંધન બાંધીને તેમનું પાર્ટીમાં સ્વાગત કર્યું. આ પ્રસંગે મહેશ સાવંત, સીનેટ સભ્ય પ્રદીપ સાવંત સહિત અન્ય પદાધિકારીઓ અને શિવસૈનિકો ઉપસ્થિત રહ્યા. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં માહિમ બેઠક પર આ વખતે ત્રિકોણીય મુકાબલો થયો. અહીંથી MNS પ્રમુખ રાજ ઠાકરેએ તેમના પુત્ર અમિત ઠાકરેને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા. જ્યારે, ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના (UBT)એ અહીં મહેશ બલિરામ સાવંતને ટિકિટ આપી. આ સાથે જ એકનાથ શિંદેની પાર્ટી પણ અહીંથી ચૂંટણી લડી રહી છે. શિંદે જૂથની શિવસેનાએ સદા સરવણકરને મેદાનમાં ઉતારીને ચૂંટણી મુકાબલાને વધુ રસપ્રદ બનાવી દીધો. માહિમ વિધાનસભા બેઠક પરથી અત્યારે સદા સરવણકર જ ધારાસભ્ય છે. જોકે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરે ઈચ્છતા હતા કે આ બેઠક પર શિવસેના અને BJP બંને તેમના ઉમેદવારનું સમર્થન કરે. માહિમમાં જ રાજ ઠાકરેનું ઘર પણ છે. જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં તમામ ૨૮૮ વિધાનસભા બેઠકો પર બુધવાર (૨૦ નવેમ્બર)ના રોજ મતદાન થયું હતું. અહીં તમામ બેઠકો પર એક જ તબક્કામાં મતદાન થયું. હવે પરિણામોની રાહ જોવાઈ રહી છે. રાજ્યની તમામ બેઠકો માટે શનિવાર (૨૩ નવેમ્બર)ના રોજ પરિણામો જાહેર કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં મુકાબલો સત્તાધારી મહાયુતી અને વિપક્ષી MVA ગઠબંધન વચ્ચે છે. મહાયુતી ગઠબંધનમાં BJPએ ૧૪૯ બેઠકો પર, શિવસેના (શિંદે) ૮૧ બેઠકો પર અને અજિત પવારની NCPએ ૫૯ બેઠકો પર તેમના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા.

### ગવર્નર વીકે સક્સેનાએ ફરી કેજરીવાલની ટીકા કરી

# દિલ્હીના નવા મુખ્યમંત્રી જૂના કરતાં હજાર ગણા સારા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હીના રાજ્યપાલ અને દિલ્હી સરકાર વચ્ચે વિવાદ જગજાહેર છે. સરકારી ફાઈલો અને વિકાસ પ્રોજેક્ટ્સ અંગે ઘણીવખત બંને વચ્ચે ચડસાચડસી જોવા મળી છે. દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી વચ્ચે ઉપરાજ્યપાલે કેજરીવાલ વિરૂદ્ધ નિવેદન આપતાં રાજકારણમાં ખળભળાટ મચ્યો છે.

એલજી વીકે સક્સેનાએ શુક્રવારે IGDTUWના કોન્વોકેશન સેરેમનીને સંબોધિત કરતાં કહ્યું હતું કે, મને આનંદ છે કે, આજે દિલ્હીની મુખ્યમંત્રી મહિલા છે. હું વિશ્વાસ સાથે કહી શકુ છુ કે, આ સીએમ પૂર્વ સીએમ કરતાં એક હજાર ગણા સારા



છે. આ સેરેમનીમાં દિલ્હીના મુખ્યમંત્રી આતિશી હાજર હતા. પોતાના ભાષણમાં વીકે સક્સેનાએ વિદ્યાર્થીઓને કહ્યું કે, જેમ-જેમ તમે આગળ વધી રહ્યા છો, તમારા માટે ચાર માર્ગદર્શક પથ છે. પ્રથમ તમારા પોતાના પ્રત્યે જવાબદારી, બીજી માતા અને પિતા અને પરિવાર પ્રત્યે તમારી જવાબદારી, ત્રીજુ સમાજ અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યે તમારી જવાબદારી અને ચોથી જવાબદારી એક એવી મહિલા રૂપે સાબિત કરવાની છે કે, તે જાતિગત તફાવતોની દિવાલ તોડી તમામ ક્ષેત્રે કદમથી કદમ ઉભી રહી શકે.

ઉલ્લેખનીય છે, અરવિંદ કેજરીવાલ સપ્ટેમ્બરમાં મુખ્યમંત્રી પદ માટે રાજીનામુ આપ્યું હતું. તેમના પર ભ્રષ્ટાચારના આરોપો મૂકાતાં જનતા પાસે તેમણે પ્રમાણિકતાનું પ્રમાણપત્ર માંગ્યું હતું. કેજરીવાલના સ્થાને આતિશીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

### અદાણી કેસમાં મહુઆ મોઈત્રાના સવાલ

# SEBI સુપ્રીમ કોર્ટમાં ખોટું બોલી, FBI એક્શનમાં પણ CBI મૌન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

અમેરિકામાં એફબીઆઈ દ્વારા અદાણી જૂથ પર રૂ. ૨૨૦૦ કરોડના કૌભાંડના આરોપ પર તૃણમુલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ સેબી, સુપ્રીમ કોર્ટ અને સરકાર પર સવાલો ઉઠાવ્યા છે. મોઈત્રાએ સેબી અને ગૌતમ અદાણીએ સુપ્રીમ કોર્ટમાં ખોટા પુરાવા રજૂ કરવા ક્લિનચીટ મેળવી હોવાનો દાવો પણ કર્યો છે. મહુઆ મોઈત્રાએ સોશિયલ મીડિયા પર વીડિયો રજૂ કરી સીબીઆઈ પર આકરા પ્રહારો કર્યા છે. તેણે જણાવ્યું હતું કે, એફબીઆઈ અદાણી ગ્રુપના આ ૨૨૦૦ કરોડના કૌભાંડની ૧૫ મહિનાથી તપાસ કરી રહી છે. પરંતુ સીબીઆઈએ હજી સુધી કોઈ કાર્યવાહી હાથ ધરી નથી. સીબીઆઈ માત્ર વિપક્ષની લિપસ્ટિક ક્યાંથી આવી તેની શોધ કરવામાં વ્યસ્ત છે. પણ ભારતીય અધિકારીઓને આપવામાં આવેલી ૨૨૦૦ કરોડની લાંચ મુદ્દે મૌન છે. મહુઆ મોઈત્રાએ લોકસભામાં દેશના ધનિક ગૌતમ અદાણી વિરૂદ્ધ સવાલો કરવા બદલ બિઝનેસમેન દર્શન હિરાનંદાની પાસેથી દુબઈમાં મોંઘી મોંઘી ગિફ્ટસ, બ્રાન્ડેડ વસ્તુઓ-લિપસ્ટિક લીધી હોવાનો આરોપ મૂકાયો હતો. રોકડ, વિદેશ ટૂર અને પોતાના બંગલાના રિનોવેશન પણ હીરાનંદાની પાસે કરાવ્યા હતા. તેના બદલામાં તેણે પોતાના સાંસદ પદના આઈડી-પાસવર્ડ દર્શનને આપ્યા હતાં. જેમાં મોઈત્રાએ સ્વીકાર્યું હતું કે, હિરાનંદાની તેના મિત્ર હોવાથી તેણે તેમની પાસેથી મોંઘી ગિફ્ટ્સ, લિપસ્ટિક લીધી હતી. પરંતુ તેના બદલે કોઈ ગેરરીતિ આચરી નથી. મહુઆએ વીડિયોમાં કહ્યું કે, અમેરિકાની ફેડરલ બ્યૂરો ઈન્વેસ્ટિગેશને ગૌતમ અદાણીના ભત્રીજા સાગર અદાણી વિરૂદ્ધ વોરંટ જાહેર કર્યું છે. એફસીપીએ (ફોરેન કરપ્ટ પ્રેક્ટિસિસ એક્ટ)નો ભંગ અને ગુનાહિત પ્રવૃત્તિઓ બદલ માર્ચ-૨૦૨૩માં વોરંટ જાહેર કર્યું હતું. અદાણી, વિનિત જૈન સહિત કુલ આઠ વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ છે. માધબી પુરી બુચ પણ આ આખા કૌભાંડમાં સંડોવાયેલા છે. તેમણે સુપ્રીમ કોર્ટ સમક્ષ ખોટું બોલ્યા અને પોતાને આ મામલે કોઈ જાણ ન થોવાનો ઢોંગ કર્યો છે. સેબી અને અદાણી ગ્રુપ બંને જૂઠા બોલ્યા. યુએસ, સ્વિટ્ઝરલેન્ડમાં ભારતમાં લેવાયેલી લાંચના કેસ ચાલી રહ્યા છે. પરંતુ ભારતની સીબીઆઈ, સેબી સહિતની સંસ્થાઓ આ મામલે મૌન ધારણ કરીને બેઠી છે.

# મહારાષ્ટ્રના સાંગલીની કેમિકલ કંપનીમાં ગેસ ગળતરથી ત્રણ મૃત્યુ

। (એજન્સી) સાંગલી, તા.૨૨ ।

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં એક કેમિકલ કંપનીમાં ગેસ લીકેજનો મામલો સામે આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ એક ફર્ટિલાઈઝર પ્લાન્ટ હતો, રિએક્ટરમાં વિસ્ફોટ થયા બાદ તેમાંથી ગેસ લીક થવા લાગ્યો હતો. કોઈને કંઈ સમજાય ત્યાં સુધીમાં તો અનેક લોકો તેનો શિકાર થઈ ચૂક્યા હતા. આ ગેસ લીકેજને કારણે બે મહિલાઓ સહિત ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે નવ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. પોલીસ ટીમ ઘટનાની તપાસ કરી રહી છે. આ સિવાય અન્ય ગંભીર લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જેમની સારવાર ચાલી રહી છે. આ મામલાની માહિતી આપતાં



એક અધિકારીએ જણાવ્યું કે આ દુર્ઘટના ગુરુવારે સાંજે લગભગ ૬.૩૦ વાગે સાંગલીના કડેગાંવ તહસીલના શાલગાંવ MIDC સ્થિત મ્યાનમાર કેમિકલ કંપનીમાં થઈ હતી. પોલીસે જણાવ્યું કે ખાતર પ્લાન્ટના રિએક્ટરમાં વિસ્ફોટ થયો, જેના કારણે કેમિકલનો ધુમાડો નીકળવા લાગ્યો હતા. દરમિયાન કડેગાંવ પોલીસ સ્ટેશનના વરિષ્ઠ નિરીક્ષક સંગ્રામ શેવાળેએ જણાવ્યું હતું કે, પ્લાન્ટમાં ગેસ લીકેજને કારણે લગભગ ૧૨ લોકોને અસર થઈ હતી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### ચૂંટણી પરિણામ બાદ કોને સમર્થન આપશે VBA

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતદાન પૂર્ણ થઈ ગયું છે. ૨૦ નવેમ્બરે રાજ્યની તમામ ૨૮૮ બેઠકો માટે એક જ તબક્કામાં એક સાથે મતદાન થયું હતું. રાજ્યમાં મુખ્ય હરીફાઈ ભાજપ, શિવસેના અને NCPના ગઠબંધન 'મહાયુતિ' અને કોંગ્રેસના મહાવિકાસ અઘાડી શિવસેના (UBT) અને NCP (શરદ ચંદ્ર પવાર) વચ્ચે છે. બંને ગઠબંધન ચૂંટણીમાં પોતપોતાની જીતનો દાવો કરી રહ્યા છે,હવે વંચિત બહુજન અઘાડી (VBA)ના વડા પ્રકાશ આંબેડકરે પણ જાહેર કર્યું છે કે તેઓ ચૂંટણી પરિણામો પછી કયા ગઠબંધનને સમર્થન આપશે. વંચિત બહુજન અઘાડીના વડા પ્રકાશ આંબેડકરે શુક્રવારે કહ્યું હતું કે જો તેમની પાર્ટીને ચૂંટણી પરિણામો પછી જરૂરી સંખ્યામાં બેઠકો મળશે, તો તેઓ તે પક્ષ સાથે જશે જે સરકાર બનાવી શકે છે. એક્સ પર એક પોસ્ટમાં તેમણે આ માહિતી આપી હતી. મહારાષ્ટ્રમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં વંચિત બહુજન અઘાડી (VBA) એ ૨૦૦ બેઠકો પર તેમના ઉમેદવારો ઉભા રાખ્યા છે.

# મહારાષ્ટ્રમાં કોણ બનશે મુખ્યમંત્રી? જાણો સટ્ટા બજારની યાદીમાં કોણ છે નંબર ૧

### સટ્ટા બજાર મુજબ મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી પદ માટે દેવેન્દ્ર ફડણવીસનું નામ સૌથી આગળ માનવામાં આવી રહ્યું છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે તમામ એક્ઝિટ પોલ બાદ સટ્ટા બજારના આંકડા પણ સામે આવ્યા છે. મુંબઈ અને ફલોદી સટ્ટા બજારના આંકડાઓએ રાજ્યના ચૂંટણી માહોલને વધુ રસપ્રદ બનાવી દીધો છે. મુંબઈ સટ્ટા બજાર અનુસાર, રાજ્યમાં મહાયુતી (ભાજપના નેતૃત્વવાળું ગઠબંધન) એકવાર ફરી સત્તામાં પાછી ફરી શકે છે. સટ્ટા બજાર મુજબ મુખ્યમંત્રી બનવાની દોડમાં દેવેન્દ્ર ફડણવીસ




સૌથી આગળ છે. મુંબઈ સટ્ટા બજાર અનુસાર, ભાજપ ૯૦થી ૯૫ બેઠકો સાથે સૌથી મોટો પક્ષ બનવાની સંભાવના છે. એકનાથ શિંદેની શિવસેનાને ૩૫થી ૪૦ બેઠક મળવાનો અંદાજ છે. જ્યારે અજિત પવારની NCPને પણ ૧૦થી ૧૫ બેઠકો મળી શકે છે. ફલોદી સટ્ટા બજારે પણ મહાયુતીને આગળ બતાવી છે. મહાયુતીને ૧૪૪થી ૧૫૨ બેઠકો મળી શકે છે, જે બહુમતી (૧૪૪)ના આંકડાને સ્પર્શી શકે છે. જ્યારે મહા વિકાસ અઘાડી (MVA)ને કડક ટક્કર આપતી બતાવવામાં આવી છે. મુખ્યમંત્રી પદની રેસની વાત કરીએ તો સૌથી વધુ ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસ પર ૫૭ પૈસાનો ભાવ લગાવવામાં આવ્યો છે. સટ્ટા બજાર મુજબ, હાલમાં CM બનવાની દોડમાં ફડણવીસ સૌથી આગળ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓના એક્ઝિટ પોલના આંકડા ચૂંટણી રાજકારણ પર સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વવાળી મહાયુતી (ભાજપ અજિત પવાર જૂથ એકનાથ શિંદે જૂથ)ને સ્પષ્ટ બહુમતી મળવાની આગાહી કરવામાં આવી રહી છે. ૫ અલગ અલગ એક્ઝિટ પોલ મુજબ, મહાયુતી ૧૫૦થી ૧૯૫ બેઠકો પર જીત નોંધાવતી દેખાઈ રહી છે. પીપલ્સ પલ્સના એક્ઝિટ પોલ NDA માટે સ્પષ્ટ બહુમતી તરફ ઈશારો કરી રહ્યા છે.

## તંત્રી લેખ...

## NCPના પોસ્ટર લાગતા ભાજપ-શિવસેના ચિંતામાં

મહારાષ્ટ્રમાં બુધવારે (૨૦મી નવેમ્બર) ૨૮૮ વિધાનસભા બેઠકો પર મતદાન થયું હતું. શનિવારે (૨૩મી નવેમ્બર) મતગણતરી થશે. આ દરમિયાન મહાવિકાસ અઘાડી (MVA)ના નેતાઓમાં મુખ્યમંત્રી પદને લઈને અંદરો-અંદર ખેંચતાણ થઈ રહી છે. તો મહાયુતિમાં મુખ્યમંત્રી પદને લઈને ચાલી રહેલી અફવાઓ વચ્ચે બારામતીમાં કેટલાક પોસ્ટર લગાવવામાં આવ્યા છે જેમાં લખવામાં આવ્યું છે કે 'રાજ્યના આગામી સીએમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના અધ્યક્ષ અજિત પવાર હશે.' બારામતીમાં આ પોસ્ટર એવા સમયે લગાવવામાં આવ્યું છે, જ્યારે રાજ્યમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. અજિત પવારના મુખ્યમંત્રી બનવાની શક્યતાઓ અંગે ચર્ચા ચાલી રહી છે. આ પોસ્ટરો દ્વારા એવો સંકેત આપવામાં આવી રહ્યો છે કે પાર્ટી અને સમર્થકો દ્વારા અજિત પવારને મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યા છે. અલગ-અલગ જગ્યાએ લગાવવામાં આવેલા આ પોસ્ટરોમાં લખવામાં આવ્યું છે કે અજિત પવારને સતત આઠમી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાવા બદલ અભિનંદન. બારામતી એનસીપીનો ગઢ રહ્યો છે. અહીંથી જ અજિત પવાર જીતીને વિધાનસભા પહોંચ્યા છે.

## દાનનો મહિમા



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

આપણાં શાસ્ત્રોમાં દાન કરવાનો મહિમા વર્ણવેલો છે. વર્ષમાં અમુક માસ એવાં આવે છે કે તેમાં દાન, પુણ્ય કરવાથી જીવન સુખમય રીતે પસાર થાય છે. કારતક, ચૈત્ર, શ્રાવણ તથા ભાદરવો, દાન કરવાનાં ચાર મુખ્ય મહિનાઓ છે. અમુક મહિનાઓમાં સ્નાનનો મહિમા બતાવેલો છે, પરંતુ દાનનો મહિમા એથી પણ અધિક છે. મકરસંક્રાંતિના દિવસે તલનું દાન કરવાનો મહિમા છે, લોકો તલસાંકળી બનાવે છે અને ગાયો માટે ઘૂઘરી બનાવે છે. શાસ્ત્રોમાં એવું જણાવેલ છે કે મકરસંક્રાંતિના દિવસે દાન પુણ્ય કરવાથી આખું વર્ષ સુખ શાંતિથી પસાર થાય છે અને આર્થિક ફાયદો થાય છે. સમાજમાં રહેલાં દરેક વ્યક્તિની આવક એકસરખી હોતી નથી. ઘણાં વ્યક્તિઓની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી હોય છે, પરંતુ શરમ અને સંકોચવશ તેઓ અન્ય વ્યક્તિઓ પાસે લાચાર થઈ હાથ ફેલાવી શકતાં નથી, કિન્તુ એમને પણ વારતહેવારે સારૂં જમવાનું મળી રહે તથા આર્થિક મદદ મળી રહે એ હેતુથી જ આ દાનનો મહિમા અમલમાં આવ્યો હશે એવું માની શકાય. સામાન્ય રીતે દરેક વ્યક્તિને પોતાનું આત્મગૌરવ હોય છે, તેથી તે કોઈની પાસે હાથ લંબાવે તો કોઈ મદદ કરે કે ન પણ કરે તથા અપમાનિત પણ કરે. આવું ના બને તે હેતુથી આપણાં વડવાઓએ દીર્ઘ દ્રિષ્ટ વાપરીને આ દાનનો મહિમા વિકસાવ્યો હશે અને એને ધાર્મિક બાબતો સાથે જોડી દીધેલ હશે.આમ કરવાથી દાન લેનાર તથા દાન આપનાર બેઉની ગરિમા જળવાઈ રહે છે અને દાન મેળવનારને કોઈ પ્રકારનો છોછ કે સંકોચ થતો નથી.દાન આપવાનો મહિમા આજનો નથી, પરંતુ યુગો પુરાણો છે. રામાયણ, મહાભારતની કથાઓમાં પણ દાનનો મહિમા વર્ણવેલ છે.અગાઉના રાજા, મહારાજા, બાદશાહ તથા અમીર ઉમરાવ વિગેરે વારતહેવારે, ખુશી કે શુભ પ્રસંગે પોતાનાં પ્રધાન, વઝીર, મુનિમ, મંત્રી તથા અન્ય જરૂરતમંદ વ્યક્તિઓને દાન કરવાનું ભુલતાં ન હતાં. દુનિયામાં દાનવીરો તો ઘણાં થઈ ગયાં, પરંતુ એમાં ગણ્યા ગાંઠિયા દાનવીરો જ સાચાં દાનવીરો ગણાય છે. આ બધાંમાં દાનેશ્વરી કર્ણનું નામ મોખરે લઈ શકાય. ત્યાર પછી શેઠ સગાળશા, ધર્મરાજ યુધિષ્ઠિર, શેઠ જગડૂશા, રાજા હરિશ્ચંદ્ર તથા વીર ભામાશા ના નામ લઈ શકાય.

વારતહેવારે ઘણાં લોકો દાન કરતાં હોય છે, પરંતુ એ સાચું દાન નથી, કારણકે, એ દાન કરવા પાછળ આપણો કોઈને કોઈ સ્વાર્થ છૂપાયેલો હોય છે. કોઈ પોતાની મિલકતનો રૂઆબ બતાવવા માટે દાન કરે છે, કોઈ પોતાની મોટાઈ કે મહત્તા બતાવવા માટે દાન કરે છે, કોઈ પોતાના માતાપિતાની સદગતિ કરવાના હેતુસર દાન કરે છે, કોઈ નામ કમાવવાના હેતૂથી દાન કરે છે તો કોઈ રાજકીય સ્વાર્થ સાધવા દાન કરે છે. ઘણાં વ્યક્તિઓ એવી રીતે દાન કરે છે કે તેઓ સામી વ્યક્તિ ઉપર જાણે કોઈ ઉપકાર કે એહસાન કરતાં હોય. હકીકતમાં દાનની ગરિમા ગુપ્ત રહેવી જોઈએ. એક હાથે દાન આપીએ તો બીજા હાથને ખબર પણ ન પડવી જોઈએ. શ્રાવણ માસ એ હિન્દુઓનો પવિત્ર માસ ગણવામાં આવે છે અને આ માસમાં મોટાભાગના લોકો દાન પુણ્ય કરે છે, દાન દક્ષિણા આપે છે, પરંતુ એમાં એમનો આશય પુણ્ય કમાવવાનો હોય છે. ભાદરવો મહિનો શ્રાદ્ધ કે પિતૃપક્ષ તરીકે ઓળખાય છે અને આ માસમાં પોતાના વડીલો કે આપ્તજનોના આત્માની શાંતિ માટે એમની પાછળ પૂજા પાઠ કે દાન કર્મ કરવામાં આવે છે. કારતક તથા ચૈત્ર મહિનામાં પોતાના પિતૃઓની સદગતિ અર્થે ઘણાં લોકો ચાંદોદ (ચાણોદ), સિદ્ધપુર કે ગયાજીમાં જઈને શ્રાદ્ધવિધિ, તર્પણ કે દાન દક્ષિણા કરે છે. આમ આપણે જે કોઈ દાન કર્મ કરીએ છીએ એમાં આપણે કોઈ ધાડ મારતા નથી કારણકે એમાં આપણો પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વાર્થ છૂપાયેલો હોય છે. ઘણાં શેઠ, શાહૂકાર કે ધનવાન જેવાં વ્યક્તિઓ અનાથાશ્રમ કે નારી સંરક્ષણ ગૃહમાં દાન કરે છે. પરંતુ આવી સંસ્થાઓમાં એમના અનૌરસ સંતાનો તથા ઉપપત્નીઓ પલવાતી હોય છે અને પોતાની આબરૂ સમાજમાં ખરડાય ના એવા હેતુથી તેઓ દાન કે સખાવત કરે છે. બીજું આપણે દરરોજ દાન કરવાનો કોઈ નિયમ લીધો હોતો નથી, પરંતુ આપણી ઈચ્છા થાય ત્યારેજ દાન કરીએ છીએ. જ્યારે દાનેશ્વરી કર્ણ, શેઠ સગાળશા, રાજા યુધિષ્ઠિર તથા રાજા હરિશ્ચંદ્ર વિગેરે તો દરરોજ દાન કરતાં હતાં અને એમનાં આંગણેથી એકપણ યાચક ખાલી હાથે પાછો જતો ન હતો અને ભુલે ચૂકે કોઈ દિવસ એકપણ યાચક દાન લેવા ન આવે તો આ લોકો ઉપવાસ કરી પ્રાયશ્ચિત કરતાં હતાં. દાનેશ્વરી કર્ણ દરરોજ સોનાનું દાન કરતાં હતાં, શેઠ સગાળશા દરરોજ અન્નનું દાન કરતાં હતાં, રાજા યુધિષ્ઠિર અલંકારો અને આભૂષણોનું દાન કરતા હતા તો રાજા હરિશ્ચંદ્ર દરરોજ વસ્ત્રોનું દાન કરતા હતા. બીજી તરફ વીર ભામાશા અંને શેઠ જગડૂશાએ પોતાની તમામ માલ મિલકત પોતાના સ્વામીને દાનમાં અર્પણ કરી દીધી હતી.

હકીકતમાં નિઃ સ્વાર્થ ભાવે આપેલું દાન જ સાચું દાન છે, જેમાં કોઈની આંતરડી ઠારવાની ભાવના હોય છે. અમુક દાતાઓ એવાં હોય છે કે ક્યારેય જાહેરમાં આવતાં જ નથી કે ક્યાંય પોતાના નામની તક્તી મૂકાવતા નથી. ઘણાં વ્યક્તિઓ એવા પણ હોય છે કે તેઓ દાન ધર્મમાં બિલકુલ માનતા જ નથી કે મંદિરમાં પણ પાઈ પૈસો મૂકતા નથી. પરંતુ આવા લોકો એવું સમજતા નથી કે મંદિરમાં પૂજા સામગ્રી લાવવી પડે છે, આરતી કરવી પડે છે, પ્રસાદ ધરાવવો પડે છે તથા અન્નક્ષેત્ર ચલાવવું પડે છે. તો આ બધું કરવા માટે પૈસા આવશે ક્યાંથી એનો વિચાર આવી વ્યક્તિઓ કરતી નથી. આપણે દાનપેટીમાં જે કોઈ નાની મોટી રકમ મૂકીશું એમાંથી જ આ બધો ખર્ચ કરી શકાય છે. અહીં કહેવાનો ભાવાર્થ એવો છે કે ખોટો ડોળ કે આડંબર કરવા દાનનો દેખાડો ન કરવો જોઈએ.આપણી શક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે ફૂલ નહીં તો ફૂલની પાંખડી એ ન્યાયે દરેક વ્યક્તિએ થોડું ઘણું દાન તો જરૂરથી કરવું જોઈએ.

**ધાર્મિક માન્યતા અનુસાર પૃથ્વી પરના પાપોને નષ્ટ કરવા માટે ભગવાન શિવજી ગુસ્સે થયાં, તે સમયે કાળ ભૈરવની ઉત્પત્તિ થઈ હતી**

# કાલ ભૈરવ અવતરણ દિવસ એટલે કે ભૈરવ અષ્ટમીના દિવસે શિવના રૌદ્ર સ્વરૂપ ગણાતા કાલ ભૈરવનું સાચું મહાત્મ્ય જાણીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સનાતન ધર્મના ગ્રંથોમાં ૬૪ કાળભૈરવની પૂજા કરવાનું વિશેષ મહત્વ આલેખવામાં આવ્યું છે, તે પ્રમાણે પ્રત્યેક સાધક પોતાની શક્તિ અને ભક્તિ મુજબ કાલભૈરવ દાદાની પૂજા કરીને તેમના અને તેમના પરિવાર પર ભૈરવ દાદા કૃપા દ્રષ્ટિ બનાવી રાખે તે માટે કાલ ભૈરવ અષ્ટમીએ પૂજા કરતા હોય છે.**

શ્રાવણ ભાદરવો અને આસોનાં તહેવારો પૂરાં થયાં એટલે કે ક્યાંક કોઈકે ધાર્મિક મહાત્મય સાથે તો ક્યાંક તહેવાર એટલે કે ઉજવણી ઉત્સવ મુખ્ય અને પાછળ ધર્મ એમ સૌએ પોત પોતાની માનસિકતા મુજબ ત્રણ મહિના વધતે ઓછે અંશે આનંદોત્સવ મનાવ્યો. હવે તો ગુજરાતી નવાં વર્ષનો પ્રથમ એટલે કે કારતક માસનો પણ અત્યારે ઉતરાર્ધ ચાલે છે, અને આજે કારતક વદ આઠમ એટલે કે ભૈરવ અષ્ટમી છે! અર્થાત કાલ ભૈરવ દાદાનાં અવતરણનો દિવસ. કાલ ભૈરવને શિવનાં અંશ તરીકે કે શિવનાં રૌદ્ર સ્વરૂપ તરીકે ગણવામાં આવે છે, અને ભૈરવ અષ્ટમીનાં દિવસે તેની વિશેષ પૂજા કરવામાં આવે છે. તેની પૂજાથી મૃત્યુનો ભય દૂર થાય છે, અને જીવન વ્યવહારનાં દુઃખ, કષ્ટ,કે પીડા માંથી મુક્તિ મળે છે. ભારતમાં ઉજ્જૈન તથા વારાણસી ખાતે કાલ ભૈરવનાં મુખ્ય મંદિર આવેલ છે, કાશીમાં કાળ ભૈરવને કાશીના કોતવાલ માનવામાં આવે છે, જ્યારે ઉજ્જૈન ના કાલ ભૈરવ મદિરા પાન કરે છે, એવી તેની વિશેષતા પણ છે. વૈદિક પંચાંગ મુજબ આ વખતે ભૈરવ અષ્ટમી તા ૨૨ થી ૨૩ સાંજ સુધી રહેશે! પણ કાલ ભૈરવની પૂજા રાત્રી એ થતી હોવાથી આ તહેવાર તારીખ ૨૨ નવેમ્બરને શુક્રવારે ઉજવવામાં આવશે, પણ બેય દિવસ છે ખરી. સનાતન ધર્મના ગ્રંથોમાં ૬૪ કાળભૈરવની પૂજા કરવાનું વિશેષ મહત્વ આલેખવામાં આવ્યું છે. તે પ્રમાણે પ્રત્યેક સાધક પોતાની શક્તિ અને ભક્તિ મુજબ કાલભૈરવ દાદાની પૂજા કરીને તેમના અને તેમના પરિવાર પર ભૈરવ દાદા કૃપા દ્રષ્ટિ બનાવી રાખે તે માટે કાલ ભૈરવ અષ્ટમીએ પૂજા કરતા હોય છે. શિવપુરાણમાં કાલભૈરવ દાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભગવાન શિવના ભાગમાંથી જ કાલ ભૈરવ દાદાનું પ્રાગટ્ય થયાં હોવાનો ઉલ્લેખ પણ શિવ પુરાણમાં જોવા મળે છે. વર્તમાન સમયમાં કાળભૈરવ દાદાની પૂજા, બટુક ભૈરવ, અને કાલભૈરવના રૂપ માં તેમના સાધકો દ્વારા કરવામાં આવતી હોય છે. પરંતુ તંત્ર સાધનામાં ભૈરવના આઠ સ્વરૂપ વર્ણવવામાં આવ્યા છે. આ સ્વરૂપ પૈકી ભીષણ ભૈરવ, ચંદ્ર ભૈરવ, કુદ્ર ભૈરવ, રુદ્ર ભૈરવ, અસિતંગા ભૈરવ, સંહાર ભૈરવ, કપાળી ભૈરવ, મનમત ભૈરવ તરીકે પૂજવામાં આવે છે. કાલ ભૈરવ અવતરણ દિવસ એટલે કે ભૈરવ અષ્ટમી સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. ધાર્મિક માન્યતા અનુસાર પૃથ્વી પરના પાપોને નષ્ટ કરવા માટે ભગવાન શિવજી ગુસ્સે થયાં, તે સમયે કાળ ભૈરવની ઉત્પત્તિ થઈ હતી. એક ધાર્મિક માન્યતા મુજબ કાળ ભૈરવે બ્રહ્માજીના મસ્તકને પોતાના નખથી કાપી નાખ્યું હતું, કારણ કે બ્રહ્માજી એ પૃથ્વી પરના પાપોના નાશ કરવા માટે પોતાની અસમર્થતા દર્શાવી હતી. બ્રહ્માજીના મસ્તકનું છેદન કરવાથી કાળ ભૈરવને બ્રહ્મ હત્યાનું પાપ પણ લાગ્યું હતું, તેવી ધાર્મિક માન્યતા આજે પણ સનાતન ધર્મના ગ્રંથોમાં જોવા મળે છે. એકવાર ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એક પર્વત પર બેસીને કોણ મોટો દેવ ? એવી ચર્ચા કરી રહ્યા હતા. સૌએ પોતાની બડાઈ ગાઈ પણ આ ચર્ચા કોઈ નિષ્કર્ષ પર ન પહોંચી. બ્રહ્માજીનાં ૫ મુખ હતાં તેથી તેમણે ૪માંથી ૪ વેદની રચના કરી. બ્રહ્માજી ચાર વેદની ઉત્પત્તિ પછી પણ રાજી ન થયા અને સર્જન કરવા લાગ્યા. આવી સ્થિતિમાં શિવ ક્રોધિત થઈ ગયાં અને તેમની ત્રીજી આંખ ખૂલી ગઈ. આંખ ખૂલતાંની સાથે જ એ આંખમાંથી પ્રકાશ દેખાયો. ૫ વર્ષના છોકરાના રૂપમાં બટુક ભૈરવ ઉત્પન્ન થયા. બટુક ભૈરવ બ્રહ્માજીને અન્ય સર્જન ન કરવાં મનાવવા ગયા. પરંતુ બ્રહ્માજીની જીદ અને તેમણે બટુક ભૈરવને બાળક માનીને તેમનો તિરસ્કાર કર્યો, આથી ગુસ્સે થઈને કાલ ભૈરવનું રૂપ ધારણ કર્યું અને પોતાની તીક્ષ્ણ આંગળી વડે ભગવાન બ્રહ્માના પાંચમા મુખને વીંધી નાખ્યું. જેના કારણે કાલભૈરવ પર બ્રહ્માની હત્યાનો આરોપ લાગ્યો હતો. બટુક ભૈરવ શિવ પાસે આવે છે, અને તે પાપમાંથી મુક્તિ વિશે પુછે છે. શિવ તેને પ્રવાસ પર જવા માટે કહે છે અને પ્રવાસ દરમિયાન કાલભૈરવ ઉજ્જૈના અવંતિકા નગરમાં ક્ષિપ્રા નદીમાં સ્નાન કરે છે, ત્યારબાદ મહાકાલ વનમાં જાય છે અને પર્વત પર તપસ્યા કરે છે. આ સ્થાન ભૈરવ પર્વત તરીકે ઓળખાય છે, અને અહીં તપસ્યા દરમિયાન ભૈરવ બ્રહ્માની હત્યાના દોષમાંથી મુક્ત થાય છે. કાળ ભૈરવ દાદાનું વાહન કાળા રંગનો શ્વાન છે. જેથી આજના દિવસે શ્વાન અને ખાસ કરીને કાળા રંગના શ્વાનને દૂધ પીવડાવવાથી દાદાને પ્રસન્ન કરી શકાય છે. વધુમાં કાલભૈરવ દાદાને ખીચડી, ભાત, ગોળ, તલ જેવા નૈવેધ પણ અર્પણ કરવામાં આવે છે. કાળભૈરવ જયંતીના દિવસે વ્રત કરવાથી રોગ દુઃખ અને શત્રુની પીડામાંથી મુક્તિ મેળવવા માટે કાલાષ્ટમીની પૂજા મદદરૂપ બને છે. ભૈરવ અષ્ટમીના દિવસે દાદાની ઉપાસના કરવાથી પ્રત્યેક મનુષ્યના જીવનમાંથી નકારાત્મક શક્તિઓ અને શત્રુ દૂર થાય છે. કોઈપણ ધાર્મિક તહેવારનું સનાતન ધર્મ અનુસાર આપણે જાણવું જરૂરી છે, અને એ માટે આ લેખ લખાયો છે! પરંતુ આપણે આ તહેવારની મૂલવણી સાત્વિક શ્રદ્ધાથી કરવાની છે! બિલકુલ અંધશ્રદ્ધા વધે એનું ધ્યાન રાખવાનું છે! એકવીસમી સદીમાં પૂજા એટલે પ્રેમ એ સત્ય છે, એ યાદ રાખવું. કાલ ભૈરવના મહાત્મ્ય માં આપણે ઉપર જોયું તેમ કાલભૈરવની પૂજા રાત્રિનાં થાય છે, અને મોટેભાગે રાત્રીના તંત્ર માર્ગની પૂજાઓ થતી હોય છે, આપણે મંત્રના ઉપાસક છીએ. એટલે તંત્રમાં જવું એના કરતાં ભગવાન શંકરના સૌમ્ય સ્વરૂપનો સૌથી સરળ મંત્ર ઓમ નમઃ શિવાય મંત્રનું રટણ પણ અંતે તો એનું જ સ્મરણ કે રટણ કહેવાય. આમપણ આપણે ઈશ્વરના રૌદ્ર નહીં પણ રૃજુ સ્વરૂપની આરાધના કરવામાં માનવીએ છીએ, અને એટલે જ શ્રાવણ અંતર્ગત આપણે યા તે રૂદ્ર શિવા, એ શ્લોકના અનુષ્ઠાનનો મહિમા ગાયો હતો. એટલે કે રુદ્ર સ્વરૂપની પૂજા લોકો ભયને કારણે અથવા તો ભય દૂર કરવાના આશયથી કરતા હોય છે. પરંતુ પૂજાનો એક અર્થ પ્રેમ, આભાર, કે અહોભાવ એવો પણ થાય છે, અને રુદ્ર સ્વરૂપ પ્રત્યે આપણે પ્રેમનો ભાવ રાખી શકીએ નહીં. એટલે કાલભૈરવ એટલે કે શિવ શંકરના ઋજુ સ્વરૂપની પૂજા આપણને વધુ અનુકૂળ રહેશે. સૌમાં શંકરના એક સ્વરૂપ કલ્યાણની ભાવના રાખીને જીવન વ્યવહાર કરવા તેમજ જીવમાત્રમા એક જ અવિનાશી અંશ છે, એ યાદ રાખવું. છતાં પણ આ દિવસનું મહત્વ છે, એટલે બીજું કંઈ નહીં તો એને ગમતી ન્હોય એવી ક્રિયાઓ ન કરીને પણ એને યાદ કરી શકાય. કાળ ભૈરવ જયંતિનાં દિવસે વ્યક્તિએ જૂઠું બોલવાથી બચવું જોઈએ, કારણ કે જૂઠ બોલવાથી દુઃખ અને પરેશાનીઓ વધી જાય છે. ગૃહસ્થોએ આ દિવસે તામસિક પૂજા ન કરવી જોઈએ. આ દિવસે ભગવાન કાળ ભૈરવ કૂતરા, ગાય અને અન્ય પ્રાણીઓ સાથે હિંસક વર્તન કરનાર પર ક્રોધિત થાય છે. એવું કહેવામાં આવે છે કે કાળ ભૈરવની પૂજા કોઈને પણ નુકસાન પહોંચાડવા માટે ન કરવી જોઈએ. આવું કરવાથી ભગવાન કાલ ભૈરવ ક્રોધિત થઈ શકે છે, એવું નાનકડું સત્ય યાદ રાખીને ભૈરવ અષ્ટમીએ કોઈને પણ પરેશાન કરીશ નહીં એવો સંકલ્પ કરીએ. ૐ નમઃ શિવાય.

**સંતો સતત પ્રભુના નામનો ઉચ્ચાર કરે છે, તેથી તેનાથી પાપ થતું નથી પાપના બળ આગળ માણસની કેવી લાચારી છે**

# પાપ કરવાની ક્ષણ પહેલાં તો પાપનો જીભથી અથવા મનથી ઉચ્ચાર થાય છે, તે જ ક્ષણે તેને કાપી નાખો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પહેલાં વિચાર બગડે છે, પછી વાણી બગડે છે અને પછી વર્તનમાં આવે છે, કોઇપણ ક્રિયા શબ્દોચ્ચાર વગર થતી નથી, કદાચિત જીભથી નહીં તો મનથી તો ઉચ્ચાર થાય જ છે, પાપ કરવાની ક્ષણ પહેલાં તો પાપનો જીભથી અથવા મનથી ઉચ્ચાર થાય છે, તે જ ક્ષણે તેને કાપી નાખો, પહેલાં વિચાર બગડે છે, પછી વાણી બગડે છેઅને પછી વર્તનમાં આવે છે, પાપ મનમાં આવે ત્યારે મનને ધિક્કારો, ઠંડા જળથી સ્નાન કરો અને પછી પરમાત્માનું કીર્તન કરો.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કામ અને ક્રોધ રજોગુણમાંથી પેદા થયેલા છે અને તે માણસના મોટા શત્રુઓ છે.તે માણસને પાપમાં ઘસડી જાય છે. એટલા માટે રજોગુણ ઓછો કરો, સત્ત્વ ગુણ વધારો પાપમાંથી બચવાનો એ રસ્તો છે. કોઈપણ ક્રિયા શબ્દોચ્ચાર વગર થતી નથી. કદાચિત જીભથી નહીં તો મનથી તો ઉચ્ચાર થાય જ છે. પાપ કરવાની ક્ષણ પહેલાં તો પાપનો જીભથી અથવા મનથી ઉચ્ચાર થાય છે, તે જ ક્ષણે તેને કાપી નાખો. પહેલાં વિચાર બગડે છે, પછી વાણી બગડે છે અને પછી વર્તનમાં આવે છે. પાપ મનમાં આવે ત્યારે મનને ધિક્કારો, ઠંડા જળથી સ્નાન કરો અને પછી પરમાત્માનું કીર્તન કરો, પ્રાર્થના કરો કે, નાથ, આ કામ મને પજવે છે ક્રોધ મને છોડતો નથી, આ લોભ મને વશ કરે છે. નાથ કૃપા કરો સાચા હૃદયથી પ્રાર્થના કરશો તો પ્રભુ રક્ષણ કરશે. સંતો સતત પ્રભુના નામનો ઉચ્ચાર કરે છે, તેથી તેનાથી પાપ થતું નથી પાપના બળ આગળ માણસની કેવી લાચારી છે. તે એને આશ્રયની ગુફા સમજે છે અને તેમાં ઘૂસે છે. અઘાસુરના પેટમાં જવાની ઈચ્છા હોયતો ભલે જાઓ પણ તાળી પાડતાં જાઓ નામ-સ્મરણ કરતાં જાઓ બધા સમજે છે કે, અસત્ય બોલવું પાપ છે, કોઈને દુભાવવું એ પાપ છે, પણ પાપ થઈ જાય છે. પહેલો સિદ્ધાંત મુખ્ય છે કે, પાપને કાપી જ નાખો. મનથી, શરીરથી પાપ થવાનું છે એમ લાગે ત્યારે ભગવાનના નામનું કીર્તન કરો. પરમાત્માને સાથે રાખી પાપ કરે તેની પાપની વાસના છૂટે છે. પાપની આદત છોડવાનો આ જ એક ઉપાય છે, ભગવાનની પ્રાર્થના કરવાનો. બાળકો તાળી પાડતાં એટલે કીર્તન કરતાં અઘાસુરના પેટમાં ગયાં છે.એવા લાચાર બનીને કે ભોળવાઈને પાપ કરો ત્યારે પરમાત્માને સાથે રાખો. પ્રભુને કહો કે, મેં પાપ કર્યુ પણ આપ સાથે હતા. એટલે મને સજા કરો અને ક્ષમા પણ કરો. પાપ કર્યા વગર ન રહેવાય તો શ્રીકૃષ્ણ ને પરમાત્માને સાથે રાખીને પાપ કરજોતો ભગવાન તમને બચાવશે આ બીજો સિદ્ધાંત કનિષ્ટ છે. ઉત્તમ સિદ્ધાંત તો એ જ છે કે, કદાપિ પાપ ન કરવું અને પાપનો વિચાર પણ ન કરવો. ભોગવ્યા વિના જેનો નાશ થતો નથી એ પાપ પુણ્યનો ભોગવ્યા વગર નાશ થઈ શકે છે. પુણ્ય ભોગવવા પણ જન્મ લેવો પડે છે, તેથી તો ઋષિ ઓને છેવટે પુણ્યને પણ શ્રીકૃષ્ણા ર્પણ કરવું પડે છે. પુણ્ય શ્રીકૃષ્ણાર્પણ થઈ શકે છે, પણ પાપ તો ભોગવ્યે જ છુટકો. ભોગવ્યા વગર પ્રારબ્ધ કર્મનો કદી નાશ થતો નથી કોઈ મહાપુરુષ, સંતપુરુષ કૃપા કરે, તો જ પાપની વાસના છૂટે છે. સંત પુરુષની ઢાલ લો તો બચી શકાય. એ તો જાણીતી વાત છે કે, અંતરાત્માની પાપ કરવાની ઈચ્છા ન જ હોય તેમ છતાં પાપ થઈ જાય છે. ગીતામાં પણ અર્જુનનો આ પ્રશ્ન છે. આ સનાતન પ્રશ્ન છે. ભગવાનને તે પુછે છે કે, મનુષ્યની ઈચ્છા ન હોય તેમ છતાં શાથી પાપમાં પ્રેરાય છે અને પાપ કરે છે?



પાપ કરવાની ઈચ્છા ન હોવા છતાં તેને પાપ કેમ કરવું પડે છે? ત્યારે ભગવાન એ સમજાવે છે કે,કામ અને ક્રોધ રજોગુણમાંથી પેદા થયેલા છે અને તે માણસના મોટા શત્રુઓ છે. તે માણસને પાપમાં ઘસડી જાય છે. એટલા માટે રજો ગુણ ઓછો કરો,સત્ત્વ ગુણ વધારો પાપમાંથી બચવાનો એ રસ્તો છે. બાળકો અઘાસુરના મોંમાં તાળી પાડતાં પ્રવેશે છે. તાળી પાડવાથી એમનો નાદબ્રહ્મમાં લય થાય છે અને પછી પર બ્રહ્મમાં મનનો લય થાય છે, અઘાસુરનો વધ ભગવાને પાંચ વર્ષની ઉંમરે કરેલો. તેમ છતાં આ અઘાસુર વધની કથા ગોપબાળકો એ પોતાની માતાઓને ભગવાનના છઠ્ઠુ વર્ષે કહી, એટલે કે એક વર્ષ પછી કહી છે.એનું કારણ પણ સમજવા જેવું છે. ભાગવતની સમાધિ ભાષાનો આ ચમત્કાર છે. શુકદેવજીને સમાધિમાં એ કારણ દેખાય છે. તેઓ કહે છે કે, બ્રહ્મા આ ગોપબાળકોનું અપહરણ કરી ગયેલા અને એક વર્ષ પછી ગોપ બાળકો બ્રહ્મલોકમાંથી પાછાં આવ્યાં. તેથી તેઓએ આ કથા પોતાની માતાઓને એક વર્ષ પછી કહી.પરમાત્મા દિવ્ય રસ સ્વરૂપ છે.તેથી'રસો વૈ સઃ અર્થાત્ રસએ જ એ એમ કહે છે.તેની સાથે મિલન એ રાસ.રાસ એટલે બ્રહ્મ મિલન,બ્રહ્મસંબંધ. રાસ એટલે શ્રીકૃષ્ણસંબંધ.ગાયોની ઈચ્છા હતી, અમારે પ્રભુ સાથે એક થવું છે.જેથી શ્રીકૃષ્ણ વાછરડા બની અમને ધાવે અને અમે કૃતાર્થ થઈએ અને અમારો બ્રહ્મસંબંધ થાય. ગાયને વાછરડો ધાવે છે.આ અદ્વૈત કેવું છેતે બીજો કોઈજાણી શકે નહીં. એ ગાય જાણે અને વાછરડો જાણે.ગોકુળમાં વૃદ્ધા ગોપીઓ હતી. તેની ઈચ્છા હતી કે અમે કનૈયાને રમાડીએ. આ ગોપીઓ મનથી શ્રીકૃષ્ણને મળતી માનસિક મિલન માં આનંદ છે, પણ પ્રત્યક્ષ મિલન ની ઉત્કંઠા આ ગોપીઓને થાય છે. આધાસુરના પેટમાંથી વાછરડાંઓ અનેબાળકો બહાર આવ્યાં. બાળકો કનૈયાને કહે છે કે, કનૈયા, અમને ભૂખ લાગી છે, અમારે જમવું છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, ચાલો આપણે યમુનાકિનારે ભોજન કરીએ. વાછરડાં ભલે નિરાંતે ચરે. સાથે ભોજન કરવા બેઠાં છે. પદ્મવ્યૂહ એટલે કમળની જેમ. પ્રત્યેક બાળકની ઈચ્છા છે કે હું ભગવાન શ્રીકૃષ્ણની ચારેબાજુ એ બાળકો એકબીજાને અડીને બેઠાં છે. પદ્મપૂર્ણ શ્રીકૃષ્ણને સ્પર્શ કરી બેસ. કનૈયાને મારા ઘરની સામગ્રી આરોગાવું.દર બેસે તો તે કેમ થઈ શકે.એટલે કમળના ગર્ભ ની જેમ મધ્યમાં શ્રીકૃષ્ણ છે. આમ પરમાત્માએ દરેક બાળકને એવો અનુભવ કરી બાળકો આપ્યો કે,હું તારી પાસે જ છું. શ્રી કૃષ્ણે રાસ લીલામાં પ્રત્યેક ગોપીને અનુભવ કરાવ્યો કે, હું તારી પાસે જ છે.તે જ પ્રમાણે ગોપબાળકોને પદ્મવ્યૂહ ની રચના કરી અનુભવ આપ્યો કે,હું તારી પાસે જ બેઠેલો છે. જાય તો આનંદ મળતો નથી. પ્રત્યેક ગોપ બાળકને સ્પર્શનો આનંદ આપ્યો છે. બ્રહ્મસ્પર્શ વગર આનંદ નથી. ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે.મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે. પરીક્ષિત કહે છે, પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે. ઈશ્વર જીવને લાયક સમજીને આપે છે, ત્યારે જીવનો લોભ છૂટે છે,જીવ નો મોહ છૂટે છે. અરે! ઈશ્વર આપવા બેસે છે ત્યારે બે હાથ વાળો લેતાં થાકી જાય છે.ઈશ્વર યજ્ઞનો ભોક્તા છે.યજ્ઞમાં આવાહન કરવા છતાં પણ ઘણી વાર પરમેશ્વર ભોજન કરતા નથી,ત્યારે આજે સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ બાળકો સાથે ભોજન કરે છે. પરમાત્માને વશ કરવાનું સાધન પ્રેમ છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને આપવીએ જ ભક્તિ છે, એ જ શુદ્ધભાવ છે. ગોપબાળક કનૈયાને કહે છે કે, લાલા, આ જલેબી હું તારા માટે લાવ્યો છું. કનૈયો જવાબ આપે છે કે, હું એકલો નહીં ખાઉં. થોડું તું સર્વને આપ.આમ કનૈયો થોડામાં થી પણ બધાને થોડું અપાવે છે. આ પ્રમાણે ગમ્મત કરતાં બધાં બાળકોને શ્રીકૃષ્ણ જમાડે છે અને બાળકોની સાથે બેસીને જમે છે. જીવ જ્યારે સર્વસ્વ છોડી પરમાત્મા સાથે પ્રેમ કરે છે, પોતાનું અભિમાન છોડે છે,જીવ જ્યારે જીવપણું ભૂલે છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે અને જીવની સાથે રમે છે. જીવ અભિમાનમાં હુંપણું રાખે, જીવ માને કે હું શાસ્ત્રી, હું જ્ઞાની, તો ભગવાન તેને કહે છે, હું તારો દાદો લાગું છું. પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ.શુકદેવજી કહે છે કે, આ ભોજન વેળા ભગવાનની છટા જોવા જેવી હતી. વાચક ચાહક મિત્રો કારતક મહિનો પણ સડસડાટ પસાર થઈ રહયો છે. સિદ્ધપુરમાં કાત્યોક મૃતાત્માના તર્પણ માટે લોકો દર વર્ષે આવે છે હવે ધીમે ધીમે ઠંડીનો ચમકારો વધી રહયો છે ત્યારે ધરતીપુત્રો શિયાળુ પાક વાવેતરમાં સક્રિય થયા છે. ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે. તો આ કળાને સમજ્યા જાણ્યા વગર જ ધર્મના નામે જીંદગી જીવવા પ્રયત્ન કરો તો તે તમને આનંદ ક્યાંથી આપે તમે જ ક્ષણ ભર વિચારો તો ખબર પડશે. આપણે બસ આ રીતે ભગવદ્ ભક્તિ કરીને શ્રેષ્ઠ જીવન જીવવા પ્રયત્ન કરવો છે. આપણે આજે અહીં જ અટકીએ અસ્તુ.

### બાન્દ્રામાં ૧૦૦ કરોડનું ઘર પણ બનાવ્યું છે

# રણવીર અને દીપિકાએ પોતાની જ બિલ્ડિંગમાં બીજો ફ્લેટ ભાડે લીધો

દીપિકા પદુકોણ અને રણવીર સિંહ મુંબઈમાં પ્રભાદેવી પાસે જે બિલ્ડિંગમાં માલિકીનો ફ્લેટ ધરાવે છે તે જ બિલ્ડિંગમાં તેમણે મહિને સાત લાખ રુપિયાના ભાડે બીજો ફ્લેટ લીધો છે. ભાડે લીધેલો ફ્લેટ ૨૩૧૯ ચોરસ ફૂટનો છે. તે ૨૪મા માળે આવેલો છે.



આ ફ્લેટ સાથે તેમને ત્રણ કાર પાર્કિંગ પણ મળશે. દીપિકાઅને રણવીરે આ ફ્લેટ માટે ૩ વરસનું એગ્રીમેન્ટ કર્યું છે. જેના માટે તેમણે રૂપિયા ૨૧ લાખ ડિપોઝિટ પેઠે આપ્યા છે. ૧૩ નવેમ્બરના રોજ થયેલા એગ્રીમેન્ટ પ્રમાણે પહેલા ૧૮ મહિના માટે આ ફ્લેટનું ભાડું રુપિયા સાત લાખ રહેશે. આ પછીના ૧૮ મહિના માટે ૭.૩૫ લાખ રૂપિયા ભાડા પેટે આપવા પડશે. દીપિકા અને રણવીર બાંદરામાં તેમનું ડ્રીમ હોમ ૧૦૦ કરોડના ખર્ચે સજાવી રહ્યાં છે. આ ઉપરાંત મુંબઈ નજીકનાં અલીબાગ સહિતનાં સ્થળે પણ તેમની પ્રોપર્ટી છે.

# સારા અલી ખાને પોતાની સફળ જીવનનું શ્રેય કેદારનાથને આપ્યું


## સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે

સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફેન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ 'કેદારનાથ' હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું. આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું,''જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું.'' સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિતા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની 'એ વતન મેરે વતન'માં કામ કર્યુ હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ 'મેટ્રો ઈન દિનોં'માં સારાનો લીડ રોલ જોવા મળશે.




### અભિષેક બચ્ચનની ફિલ્મ 'આઇ વોન્ટ ટુ ટોક' આવી રહી છે

# ટ્રાફિક ભંગ થતો જોઈ બિગ બી એન્ગ્રી યંગ મેન બની જાય છે



અભિષેક બચ્ચનની ફિલ્મ 'આઇ વોન્ટ ટુ ટોક' આવી રહી છે, જે શુજિત સરકાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ ફિલ્મના પ્રમોશન માટે અભિષેક, શુજિત તેમજ ફિલ્મના લેખક અર્જૂન સેન કૌન બનેગા કરોડપતિ ૧૬ના સેટ પર આવવાના છે. આ એપિસોડ અમિતાભ અને અભિષેક સાથે મળીને હોસ્ટ કરવાના છે. આ એપિસોડમાં અભિષેકે જણાવ્યું હતું કે, ટ્રાફિક ભંગ થતો જોઈને બિગ બી એન્ગ્રી યંગ મેન જેવા બની જાય છે. સોની દ્વારા આ એપોસિડનો પ્રોમો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં અમિતાભ અને અભિષેકને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે કાર કોણ સારી રીતે ડ્રાઈવ કરે છે. ત્યારે અમિતાભ તરત જ હાથ ઊંચો કરે છે. આ વખતે અભિષેકે હાથ લાંબો કરીને કહ્યું, ''પા, પ્લીઝ.'' ઓડિયન્સ સાથે વાત કરતાં અભિષેકે કહ્યું, ''એ ગાડી ઓછી ચલાવશે અને બીજાને ટોકશે વધારે. કોઈ ખોટા રસ્તેથી આવી ગયું, ફોન કાઢીને એમનો ફોટો લેશે. કહેશે, ''ટ્રાફિક પોલિસને મોકલીશ કે આ લાઈટ તોડીને નીકળી રહ્યો છે.'' અને એ વિચારવા લાગે છે, ''અરે અમિતાભ બચ્ચન તો મારી સેલ્ફી લઈ રહ્યા છે.''''આ પોસ્ટની કૅપ્શનમાં સોનીએ લખ્યું હતું, ''એબી પણ દેશના બીજા પિતાઓ જેવા જ છે.'' ૧૨ ઓગસ્ટથી કેબીસીની નવી સિરીઝ શરૂ થઈ છે. અમિતાભ ૨૦૦૦થી કેબીસી હોસ્ટ કરે છે, વચ્ચે એક વખત માત્ર ૨૦૦૭ની સીઝન શાહરુખ ખાને હોસ્ટ કરી હતી. જો ફિલ્મોની વાત કરવામાં આવે તો અમિતાભ છેલ્લે રજનીકાંત સાથે 'વૈત્તેયાં'માં કામ કર્યુ હતું.




# નીપોટિઝમની કટ્ટર વિરોધી કંગનાએ શાહરૂખ ખાનના દીકરા આર્યન ખાનના વખાણ કર્યા

ઇન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગેની ચર્ચા શરૂ કરવાનો અને નેપોકિડ્ઝ શબ્દપ્રયોગને જાણીતો કરવાનો શ્રેય મહદંશે કંગના રણૌતને જાય છે. તે હંમેશા આ બાબતે પોતાનો વિરોધ પ્રદર્શિત કરતી રહી છે. તેમજ ઈન્ડસ્ટ્રીમાં બહારથી આવતા લોકોને એટલે કે આઉટસાઈડર્સને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તે અંગે પોકારી પોકારીને કહેતી રહી છે. પરંતુ હવે જાણે તેણે પોતાનું વલણ બદલ્યું છે. શાહરુખની દિકરી સુહાના ખાન બાદ હવે દિકરો આર્યન ખાન પણ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે.મંગળવારે નેટફ્લિક્સ દ્વારા એક નવી સિરીઝની જાહેરાત કરવામાં આવી છે. જે શાહરુખના રેડ ચિલિઝ એન્ટરટેઈન્મેન્ટ બેનર હેઠળ ગૌરી ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. હજુ આ સિરીઝનું નામ જાહેર કરવામાં આવ્યું નથી પરંતુ મહત્વની વાત એ છે કે આ સિરીઝ શાહરુખના દિકરા આર્યન ખાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ અંગે ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ ઉત્સાહપૂર્વક પ્રતિભાવો આપ્યા હતા. તેમાંથી કંગનાના પ્રતિભાવે ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. આ અનાઉન્સમેન્ટ બાદ કંગના રણૌતે પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરી હતી અને લખ્યું હતું, ''ફિલ્મ પરિવારમાંથી આવતા બાળકો મેક અપ કરીને વજન ઘટાડીને તૈયાર થઈને પોતાની જાતને એક્ટર માને તેના કરતાં આ બધાંથી પરે જાય એ બહુ સારી વાત છે.'' આર્યને જે પ્રકારની કેરિઅર પસંદ કરી છે તે અંગે વખાણ કરતાં કંગનાએ લખ્યું, ''આપણે એકસાથે મળીને ભારતીય સિનેમાના ધોરણોનું સ્તર ઉપર લઈ જવાની જરૂર છે, તેની હાલ ખાસ જરૂર છે. જેમની પાસે બધી જ સુવિધાઓ છે, તેઓ મોટાભાગે સરળ રસ્તો અપનાવી લે છે. આપણે કેમેરાની પાછળ સારા લોકોની જરૂર છે. એ સારી બાબત છે કે આર્યન ખાન ઓછો જાણીતો રસ્તો અપનાવી રહ્યો છે. તેની લેખક અને ડિરેક્ટર તરીકે તેના પ્રવેશની રાહ જોઈએ છીએ.'' શાહરુખ, સુહાના અને ગૌરી સહિત અનેક જાણીતા લોકોએ આર્યનને શુભેચ્છાઓ આપી હતી.



### છેલ્લાં ઘણા સમયથી 'પુષ્પા ૨'ની રાહ જોવાઈ રહી છે

# 'પુષ્પા ૨'ના ટ્રેલરનો ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂઝનો રેકોર્ડ બન્યો

છેલ્લાં ઘણા સમયથી 'પુષ્પા ૨'ની રાહ જોવાઈ રહી છે, અંતે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે. થોડાં જ કલાકોમાં લાખો લોકોએ આ ટ્રેલર જોઈ લીધું હતું અને અડધા દિવસમાં તો આ ટ્રેલરે આંધી અને તોફાન મચાવી દીધાં હતાં. તેથી તે વ્યૂઅરશિપના રેકોર્ડ તોડે તે અપેક્ષિત તો હતું જ અને એવું જ થયું. પુષ્પાનું ટ્રેલર આવતાવેંત છવાઈ ગયું અને ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂનો રેકોર્ડ તોડી નાંખ્યો.પટનાના ગાંધી મેદાનમાં આ ટ્રેલર લૉંચની ઈવેન્ટ યોજાઈ હતી. તો બીજી તરફ યૂટ્યુબ પર ટ્રેલર છવાઈ ગયું હતું, લૉંચ થતાંની સાથે વાયરલ થઈ ગયું હતું. જોકે, ઘણા લોકો આ ટ્રેલરને સામાન્ય પણ ગણાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકોને તેમાં કોઈ ખાસ મજા આવી નથી. તો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકો એવા છે, જેને ટ્રેલર જોઈને મજા આવી ગઈ છે. ૨૪ કલાકમાં આ ટ્રેલરને ૧૦૨ મિલિયન વ્યૂઝ મળ્યા છે. આ સાથે તે ૧૦૦ મિલિયનનો આંકડો પાર કરનાર ફિલ્મોની યાદીમાં આવી ગઈ છે. બધી જ ભાષાઓમાં હિન્દી ટ્રેલરને સૌથી વધુ ૪૯ મિલિયન વ્યૂ મળ્યા છે. તેલુગુ ટ્રેલરને ૪૪ મિલિયન વ્યૂ અને તમિલ ટ્રેલરને ૫.૨ મિલિયન તેમજ કન્નડા-મલિયાલમ ટ્રેલરને ૧.૯ મિલિયન વ્યૂઝ મળ્યા છે.આ વ્યૂઝ સાથે 'પુષ્પા ૨'નું ટ્રેલર સૌથી વધુ જોવાયેલા ટ્રેલરમા ત્રીજા ક્રમે પહોંચી ગયું છે. અલ્લુ અર્જુનની ફિલ્મના ટ્રેલરને પ્રભાસની 'આદિપુરુષ'થી ૩૭ટકા વધારે વ્યૂ મળ્યા, તેણે ૩૭.૮૯ ટકા વધારે વ્યૂઝ સાથે પ્રભાસની 'આદિપુરુષ'ના ૭૪ મિલિયન વ્યૂઝનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ યાદીમાં ૧૧૩.૨ મિલિયન વ્યૂઝ સાથે 'સાલાર' અને ૧૦૬.૫ મિલિયન વ્યૂઝ સાથે 'કેજીએફ ચેપ્ટર ૨'ને મળ્યા છે. જો આ યાદીની વધુ ફિલ્મોનાં આકડા જોઈએ તો 'સાલારના' બીજા ટ્રેલરને ૭૨.૨ મિલિયન, 'એનિમલ'ને ૭૧.૪ મિલિયન, 'ડંકી'ને ૫૮.૫ મિલિયન, 'રાધે શ્યામ'ને ૫૭.૫ મિલિયન, 'જવાન પ્રીવ્યુ'ને ૫૫ મિલિયન તેમજ 'સિંઘમ અગેઈન'ના ટ્રેલરને ૫૧.૯૫ મિલિયન વ્યૂઝ મળ્યા છે.




# શું શ્વેતા તિવારીએ ૮ વર્ષ નાના એક્ટર સાથે કરી લીધા લગ્ન?

## શ્વેતા તિવારીની માંગમાં સિંદૂર પણ દેખાય છે, પરંતુ આ વાયરલ ફોટોમાં જે સત્ય દેખાઈ રહ્યું છે તેવું કઈ નથી



એક્ટ્રેસ શ્વેતા તિવારી પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. તેણે બે લગ્ન કર્યા હતા અને બંને લગ્ન ટક્યા ન હતા. શ્વેતાના છૂટાછેડા થઈ ગયા છે અને હવે તે પોતાના બે બાળકો અને કેરિયર પર ધ્યાન આપી રહી છે. હાલમાં જ શ્વેતાનો એક ફોટો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જે બાદ તેના ત્રીજા લગ્નની અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે.ફોટામાં, શ્વેતા દુલ્હનના પોશાકમાં સજ્જ જોવા મળે છે અને તે અભિનેતા વિશાલ આદિત્ય સિંહ સાથે લગ્ન કરતી જોવા મળે છે, જે તેના કરતા ૮ વર્ષ નાના છે. શ્વેતા અને આદિત્યએ કલર કોઓર્ડિનેટેડ પોશાક પહેર્યા છે અને તેમના ગળામાં સફેદ ગુલાબની માળા છે. શ્વેતાની માંગમાં સિંદૂર પણ દેખાય છે. પરંતુ આ વાયરલ ફોટોમાં જે સત્ય દેખાઈ રહ્યું છે તે નથી.વાસ્તવમાં, આ એક મૉર્ફ કરેલો/બનાવટી ફોટો છે. આ વાસ્તવિક ફોટો અભિનેત્રી સ્વરા ભાસ્કરના સમાજવાદી પાર્ટીના નેતા ફહાદ અહેમદ સાથેના લગ્નના રજિસ્ટ્રેશનનો ફોટો છે. આ ફોટો પર કોઈએ વિશાલ આદિત્ય સિંહ અને શ્વેતા તિવારીના ચહેરાને એડિટ કર્યો છે. શ્વેતા અને વિશાલના લગ્નનો આ ફોટો સાવ ખોટો છે. શ્વેતા તિવારી અને વિશાલ આદિત્ય સિંહ સારા મિત્રો છે. તે ખતરોં કે ખિલાડીમાં પણ જોવા મળ્યો હતો. તેમના અફેર વિશે અફવાઓ પણ ફેલાઈ ચૂકી છે. પરંતુ કલાકારોએ સ્પષ્ટ કર્યુ છે કે તેઓ માત્ર સારા મિત્રો છે અને તેનાથી વધુ કંઈ નથી. બંનેએ બેગુસરાયમાં પણ સાથે કામ કર્યુ હતું.શ્વેતાની વાત કરીએ તો તેના પહેલા લગ્ન રાજા ચૌધરી સાથે થયા હતા. આ લગ્નથી તેમને એક પુત્રી પલક તિવારી છે. શ્વેતાએ રાજા પર ઘરેલુ હિંસાનો આરોપ લગાવ્યો હતો અને છૂટાછેડા લીધા હતા. બીજા લગ્ન અભિનવ કોહલી સાથે થયા હતા. આ લગ્નથી તેને એક પુત્ર રેયાંશ છે.



### 'ભૂલભુલૈયા ૩'માં કામ કરી ચૂક્યા હોવાથી ફ્રેશ જોડી દર્શાવવા લેવાયો નિર્ણય

# મ્યુઝિકલ લવ સ્ટોરીમાં શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી

અનુરાગ બાસુ એક રોમેન્ટિક અને મ્યુઝિકલ લવ સ્ટોરી બનાવી રહ્યા હોવાના અહેવાલો છેલ્લાં ઘણા વખતથી આવી રહ્યા છે. ત્યારે હવે આ ફિલ્મ અંગે નવી અપડેટ આવી છે. પહેલાં આ ફિલ્મમાં કાર્તિક આર્યન અને તૃપ્તિ ડિમરી લીડ રોલ કરવાના હતા. હવે નવા અહેવાલો અનુસાર હવે શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી છે. હાલ કાર્તિક 'ભૂલભુલૈયા ૩'ની સફળતાનો આનંદ લઈ રહ્યો છે, હવે પછી તે 'પતિ પત્ની ઔર વો ૨ 'માટે કામ શરૂ કરશે, લોકો કાર્તિક અને તૃપ્તિને 'ભૂલભુલૈયા ૩'માં જોઈ ચૂક્યા છે, તેથી અનુરાગ બાસુ અને ફિલ્મના પ્રોડ્યુસર ભુષણ કુમારે લોકોને એક નવી અને તાજગીસભર જોડી બતાવવા માટે આ નિર્ણય લીધો છે.એવી ચર્ચા છે કે આ 'આશિકી ૩'નું જ એક વર્ઝન છે, પરંતુ મુકેશ ભટ્ટ સાથે ફિલ્મના અધિકારો અંગે વિવાદ થતાં આ ફિલ્મને અલગ મ્યુઝિકલ ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ માટે યાદગાર ગીતો આપવા માટે જાણીતા પ્રિતમ દ્વારા સંગીત તૈયાર કરવામાં આવી રહ્યું છે, એવા ગીતો કમ્પોઝ કરી રહ્યા છે જે ફિલ્મની ભાવનાત્મક બાજુની તીવ્રતાને પણ અનુરૂપ થઈ શકે. કાર્તિક -તૃપ્તિ 'ભૂલભુલૈયા ૩'માં કામ કરી ચૂક્યા હોવાથી ફ્રેશ જોડી દર્શાવવા લેવાયો નિર્ણય, આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થવાનું હોવાની ચર્ચા છે. ત્યાં સુધી કાર્તિક અને શર્વરી ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચશે અને ફિલ્મ માટે વર્કશોપ કરીને રોલની તૈયારીઓ કરશે. આ બંને કલાકારો ફિલ્મ કરવા માટે ઉત્સુક છે તેમજ દર્શકોને તરોતાજા રોમેન્ટિક ફિલ્મ આપવા તૈયાર છે. આ પહેલાં અનુરાગ બાસુ તેમની ફિલ્મ 'મેટ્રો ઈન દિનોં'નું કામ પૂરું કરશે, જેમાં આદિત્ય રોય કપુર, સારા અલી ખાન અને પંકજ ત્રિપાઠી જેવા કલાકારો કામ કરી રહ્યાં છે. હાલ કાર્તિક 'ભૂલભુલૈયા ૩'ની સફળતાનો આનંદ લઈ રહ્યો છે. હવે પછી તે 'પતિ પત્ની ઔર વો ૨'માટે કામ શરૂ કરશે.




# શિલ્પા સામેના ક્રિમિનલ કેસને રદ કર્યા

## ટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં 'આપતી જનક શબ્દ' શબ્દનો ઉપયોગ કર્યો હતો

રાજસ્થાન હાઈકોર્ટે અભિનેત્રી શિલ્પા શેટ્ટી સામેના ક્રિમિનલ કેસને રદ કર્યો છે. શિલ્પા શેટ્ટી વિરુદ્ધ SC-ST એક્ટ હેઠળ આ કેસ નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૭માં શેટ્ટી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આમાં તેના પર આરોપ છે કે તેણે ૨૦૧૩માં ટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં 'આપતી જનક શબ્દ' શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ દરમ્યાન અભિનેતા સલમાન ખાન પણ હાજર હતો. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આ શબ્દના ઉપયોગથી કથિત રીતે વાલ્મિકી સમાજના લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી હતી. આ પછી શેટ્ટીએ આ મામલાને ખતમ કરવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જસ્ટિસ અરુણ મોંગાએ અરજી પર સુનાવણી કરી હતી. તેમણે કહ્યું કે FIR અને એકત્ર કરાયેલા પુરાવામાં એવો કોઈ સંકેત નથી કે શિલ્પા શેટ્ટી વાલ્મિકી સમુદાયને બદનામ કરવાનો કે અપમાનિત કરવાનો ઈરાદો ધરાવે છે.કોર્ટે કહ્યું કે ઈન્ટરવ્યુમાં આપેલા તેમના નિવેદનને સંપૂર્ણપણે સંદર્ભ બહાર અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. ST-SC એક્ટ હેઠળ, આરોપીએ ચોક્કસ ઈરાદા સાથે સમુદાયના સભ્યોને અપમાનિત કરવા અને નુકસાન પહોંચાડવાના કૃત્યો કર્યા હોવા જોઈએ. 'આપતી જનક શબ્દ' કેટલાક સંદર્ભોમાં અપમાનજનક હોઈ શકે છે, પરંતુ તેનો ઉપયોગ અજાણતા અને વૈકલ્પિક રીતે બોલચાલની વાણીમાં પણ થઈ શકે છે.કોર્ટે શબ્દની વ્યુત્પત્તિનું વિશ્લેષણ કર્યુ અને જાણવા મળ્યું કે તે સંસ્કૃત શબ્દ 'ભાંગ' પરથી ઉતરી આવ્યો છે, તેનો અર્થ ''તૂટેલી'' અથવા ''વિચ્છેદ'' પણ થાય છે. અન્ય સંદર્ભમાં, ભાંગ અથવા નશો પણ થાય છે, તેથી જે વ્યક્તિ ભાંગનું સેવન કરે છે તેને આ નામથી ઓળખાય છે.ઓક્સફોર્ડ હિન્દીથી અંગ્રેજી શબ્દકોશ મુજબ, આ શબ્દનો અર્થ એવો પણ થાય છે જે ભાંગ (ભંગડ) ખાય છે અથવા તેનો અર્થ ''છેતરપિંડી'' અથવા ''યુક્તિ'' અથવા ''વેશ'' અથવા ''વિચિત્ર અથવા મૂર્ખ'' પણ છે. તે તેની સાથે વ્યવહાર કરે છે.



# મતદારો તા.૨૩ અને ૨૪મી નવેમ્બરના રોજ નજીકના મતદાનમથક જઈને મતદારયાદીમાં નામ દાખલ, નામ કમી, ફોટો સહિતના સુધારા વધારા કરી શકાશે

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૧/૧/૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ તા.૨૮/૧૧/૨૦૨૪ સુધી હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવા તથા તા.૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના દિવસે ખાસ ઝુંબેશના રૂપમાં ઉજવણી કરવામાં આવનાર છે. મતદારયાદીમાં નામ દાખલ કરવા, પ્રવર્તમાન મતદારયાદી માંથી નામ કમી કરવા ફોટો-વિગતોમાં સુધારો કરવા, એક જ વિધાનસભા મતવિભાગ હેઠળ સ્થળ ફેરફાર માટે નિયત નમૂનામાં અરજી કરવાના કામે સદર ખાસ ઝુંબેશના અંતિમ બે દિવસો ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આપના નજીકના મતદાન મથકોની અવશ્ય પણે મુલાકાત લેવી. જયા બી.એલ.ઓ હાજર રહી ફોર્મ સ્વીકારશે. ઉપરાંત www.voterportal.eci.gov.in તથા www.voter.eci.gov.in અને Voter Helpline




Mobile App પર જઈને ઓનલાઈન ફોર્મ પણ ભરી શકશે એમ સુરતના અધિક જિલ્લા ચૂંટણી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# દિલ્હી ખાતે આયોજીત "કરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝન ફેડરેશન કપ ટુર્નામેન્ટ" માં ડાંગના બે યુવાઓએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો

। (માહિતી) ડાંગ, તા.૨૨ ।

તાજેતરમાં દેશની રાજધાની દિલ્હી ખાતે યોજાયેલ "કરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝન ફેડરેશન કપ ટુર્નામેન્ટ" માં ડાંગ જિલ્લાના સ્પોર્ટ્સ કરાટે એશોસિએશનના બે યુવાનોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી રાજ્ય અને જિલ્લાનું નામ રોશન કર્યુ હતું.

દિલ્હીમાં યોજાયેલ "કરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝન ફેડરેશન કપ ટુર્નામેન્ટ" માં દેશના વિવિધ રાજ્યોમાંથી રમતવિરોએ ભાગ લીધો હતો. જેમાં ડાંગ જિલ્લાના શ્રી ગૌરાંગકુમાર ભિવસન અને શ્રી વૈભવભાઈ માહલાએ ભાગ લઈ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ગુજરાત વિધાનસભાના નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય શ્રી તેમ સ્પોર્ટ્સ કરાટે એશોસિએશન ડાંગના પ્રમુખ શ્રી વિજયભાઈ પટેલે ગુજરાત અને ડાંગનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ ગુજરાત



કરાટે ટુર્નામેન્ટ ફેડરેશનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મકવાણાએ પણ તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ બે રમતવિરોને સિનિયર કોચ શ્રી વિજયભાઈ રાઉતે ટ્રેનીંગ આપી હતી. ઉલ્લેખનીય છે કે, ડાંગ સ્પોર્ટ્સ કરાટે એશોસિએશન જે માન્યતા પ્રાપ્ત સ્પોર્ટ્સ સંસ્થા છે ત્યારે અહીં કોચીંગ મેળવવા કરાટેમાં રૂચી ધરાવનારા તમામ ખેલાડીઓને સ્પોર્ટ્સ કરાટે એશોસિએશન દ્વારા આંમત્રણ પાઠવાયું છે.

# ઉમરગામના ધોડીપાડા ખાતે ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો



। (માહિતી) વલસાડ, તા.૨૨ ।

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ધોડીપાડા ગામ ખાતે આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંદાજે ૮૦૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા સાથે સાથે તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ જુદા જુદા ગામના સરપંચશ્રીઓ હાજર રહ્યા હતા.

ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તેમજ સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓનો લાભ લેવા માટે જણાવાયું હતું. આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ડી એન પટેલ દ્વારા હાલમાં પ્રાકૃતિક ખેતી કેમ જરૂરી છે તે વિશે ખેડૂતોને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક ખેતીનો વધુ પ્રચાર પ્રસાર થાય તે માટે અંકલાસ ગામના ખેડૂત હસમુખભાઈ મોહનભાઈ ભંડારી દ્વારા ૪૦૦ લીટર જીવામૃતનું વિનામૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોએ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન કરેલી ખેત પેદાશોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું તેમજ ખેતી અને અન્ય વિભાગોના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર વિમલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું

# નિકોલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શાળાકીય સ્પર્ધાઓ અંતર્ગત રાજ્યકક્ષા બોક્સિંગ સ્પર્ધાનું આયોજન



। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જિલ્લા રમત ગમત અધિકારી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા હાલમાં ૬૮મી અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધાઓ(SGFI - સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) અંતર્ગત રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે.

અમદાવાદના નિકોલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૨૧થી ૩૦ નવેમ્બર સુધી રાજ્યકક્ષા બોક્સિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના જિલ્લાઓમાં યોજાયેલી જિલ્લા કક્ષા સ્પર્ધાઓમાં વિજેતા થયેલા બોક્સિંગ ખેલાડીઓ આ રાજયકક્ષા સ્પર્ધામાં ચેમ્પિયન બનવા માટે ઉતરશે.

નિકોલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૩૦ નવેમ્બર સુધી યોજાનારી બોક્સિંગ સ્પર્ધાઓમાં વિવિધ કેટેગરી અને વિવિધ વયજૂથમાં મહિલા અને પુરુષ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

# ખેડૂત તાલીમ કેન્દ્ર, નવસારી ખાતે પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક યોજાઇ

। (માહિતી) નવસારી, તા.૨૨ ।

નવસારી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વધુ વેગવાન બનાવવા પંચાયત દિઠ તાલીમોમાં વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવા સુચન કરતા નોડલ અધિકારીશ્રી પ્રાકૃતિક કૃષિ – વ - સંયુકત ખેતી નિયામકશ્રી સુરત - ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોંડ યોજના અંતર્ગત ખેડૂત તાલીમ કેન્દ્ર, નવસારી ખાતે નોડલ અધિકારીશ્રી પ્રાકૃતિક કૃષિ – વ - સંયુકત ખેતી નિયામકશ્રી (વિ.) સુરતના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક યોજાઈ હતી.. જેમાં પ્રોજેકટ ડાયરેકટરશ્રી આત્માએ નવસારી જિલ્લાંમા ચાલતી પ્રાકૃતિક ખેતીની વિવિધ પ્રવૃતિનો ચિતાર જેમાં મુખ્યત્વે ગાય યોજના, ખરીફ ઋતુમા થયેલ કલસ્ટર બેઝ થયેલ તાલીમ, ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા હોય તેવા ગ્રામ પંચાયતની વિગત, મોડેલ ફાર્મની વિગત, જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પેદાશના વેચાણ કેન્દ્ર અને વેચાણની વિગત વગેરેની માહિતી આપી હતી. ત્યારબાદ જિલ્લા / તાલુકા સંયોજક (પ્રાકૃતિક કૃષિ)દ્વારા નવસારી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગવાન બનાવવા પડતી વિવિધ મુશ્કેલીઓની રજુઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને નવસારી જિલ્લાના પ્રાકૃતિક કૃષિના નોડલ અધિકારીશ્રી કે.વી. પટેલ દ્વારા પ્રશ્નોનું સચોટ નિરાકરણ આપવામાં આવ્યું હતું.

# ડાંગ જિલ્લાના સંતોકબા ધોળકીયા વિદ્યામંદિર માલેગામના વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ



। (માહિતી) ડાંગ, તા.૨૨ ।

રાજ્યના શિક્ષણ અને આદિજાતી મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે ટેબ્લેટ વિતરણ કરાયા - ડાંગ જિલ્લાના માલેગામ ખાતે આવેલ પ્રયોશા પ્રતિષ્ઠાન સંચાલીત સંતોકબા ધોળકીયા વિદ્યામંદિરના વિધાર્થીઓને રાજ્યના કેબીનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યાં હતાં. ગત તારીખ ૧૫ મી નવેમ્બરના રોજ આહવા ખાતે આયોજીત 'જન જાતીય ગૌરવ દિવસ' કાર્યક્રમમાં પધારેલા રાજ્યના શિક્ષણ અને આદિજાતી મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, વલસાડ-ડાંગના સાંસદ સભ્ય શ્રી ધવલભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના હસ્તે પ્રયોશા પ્રતિષ્ઠાન સંચાલિત સંતોકબા ધોળકીયા વિદ્યામંદિર, માલેગામના વિજ્ઞાન પ્રવાહ ધોરણ ૧૧ ના કુલ ૩૦ વિધ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, લેપટોપ અને ટેબ્લેટ જેવા આધુનિક વિજાણુ યંત્રો વિદ્યાર્થીઓને દુનિયા સાથે જ્ઞાન અને માહિતીના આદાન પ્રદાન માટે ઉપયોગી થશે. તેમજ વિધ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા ખુબ જ ઉપયોગી નિવડશે. આ અગાઉ પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, તથા સંસદીય બાબતોના રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે લિંગા ખાતે ધોરણ વિજ્ઞાન પ્રવાહ ધોરણ ૧૨ના વિધ્યાર્થીઓને લેપટોપ અને ટેબ્લેટનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ પોસ્ટ ઓફિસ પર આધાર કાર્ડ કઢાવવા ઠંડીમાં બાળકો સાથે ઠુઠવાતી પ્રજા : જવાબદાર તંત્ર ઠંડીમા રજાઈ ઓઢી આરામમા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

છેલ્લા લગભગ ૧૫ દિવસ ઉપરાંત થી આધાર કાર્ડ કઢાવવા માટે વહેલી સવારથી ગ્રામીણ વિસ્તારમાં માંથી આવતી ગરીબ પ્રજા પોસ્ટ ઓફિસ ખાતે બાળકોને લઈ વહેલી સવારે ૩ વાગ્યા થી લાઈનમાં લાગે છે પણ જવાબદાર તંત્ર નવીન આધાર કાર્ડ કઢાવવા માટેની અન્ય સુવિધા તાલુકા પંચાયત અથવા નગરપાલિકામા ચાલુ કરતી નથી જેથી ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી ગરીબ પ્રજાને પોતાની ખેતી તેમજ મજૂરીનુ કામ છોડી રૂપિયાનો બગાડ કરી આધારકાર્ડ કઢાવવા આવું પડે છે.

અહીંયા આધાર કાર્ડ કઢાવવા આવનાર વ્યક્તિઓ ને પૂછવામાં આવ્યું કે સરકાર દ્વારા અન્ય જગ્યાએ પણ આધાર કાર્ડ સેંટર ફાળવેલ છે તો ત્યાં કેમ નથી જતા તો તેઓએ કહ્યું કે ફક્ત પોસ્ટ ઓફિસ ખાતે જ નવીન આધાર કાર્ડ કાઢવામાં આવે છે બીજા સેંટરો પર આધાર કાર્ડ અપડેટ તેમજ સુધાર માટેની કામગીરી કરવામાં આવે છે. બાળકો માટે નવીન આધારકાર્ડ ફક્ત પોસ્ટ ઓફિસ ખાતે જ કાઢવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

પોસ્ટ ઓફિસ ખાતે પોસ્ટ ઓફિસને ને લગતી અન્ય કામગીરી હોવાથી તેઓ આધારકાર્ડ કઢાવવા આવતા લોકોની સંખ્યાને પહોંચી વળી શકતા નથી. જવાબદાર તંત્ર દ્વારા પોસ્ટ ઓફિસ બહાર અન્ય જગ્યાએ આધારકાર્ડ સેંટર હોવાનું કાગળ દિવાલ પર ચોંટાડી રાખ્યું છે પરંતુ તે અંગ્રેજીમા હોવાથી ગ્રામીણ પ્રજાને તેમાં ખબર પડતી નથી તો અન્ય જગ્યાએ આધાર કાર્ડ જ્યાં કાઢવામાં આવે છે તે સ્થળ ગુજરાતીમાં મોટા અક્ષરે લખે તો ગ્રામીણ પ્રજા ને ખબર પડી શકે.

ગ્રામીણ વિસ્તારમાંથી વહેલી સવારે થી ભાડાની ગાડી અથવા ચાલતા તેમજ બાઈક લઈ બાળકોને ઠંડીમા ઠુઠવાતા લાવતા હોય છે તેથી બાળકો આવી ઠંડીમાં બીમાર પણ પડી જાય છે. આ બધું જોતા તો એવું લાગે છે કે ભલે પ્રજા કડકડાતી ઠંડીમા આવે પણ જવાબદાર અધિકારીઓને તો રજાઈ ઓઢી આરામ કરવા મળે છે ને.... જો જવાબદાર તંત્રની સુવિધા બધી બાજુ હોય તો તંત્ર દ્વારા નગરમા, ગ્રામ પંચાયતોમા માઈક ફેરવી આ અંગે સંપૂર્ણ માહિતી આપવી જોઈએ જેથી આવી ઠંડીમા આધારકાર્ડ કઢાવવા માટે પ્રજાને વહેલી સવારથી નંબર લગાવવો ન પડે.

# સુરત જિલ્લાના મહુવા તાલુકાના અંબાબેન કોળઘાને પીએમ જનમન આવાસ યોજના હેઠળ ઘરના ઘરનું સ્વપ્ન સાકારિત થયું

## પ્રધાનમંત્રી જનમન આવાસ યોજના થકી આદિમ જૂથના પરિવારને મળી પાકી છત

। (માહિતી) સુરત, તા.૨૨ ।

રોટી, કપડા અને મકાન માણસની પ્રાથમિક જરૂરિયાત છે. પોતાના સપનાનું ઘર બનાવવા માટે માણસ પોતાની જાતને ધસી નાખે છે ત્યારે જઈને પોતાના માટે એક ઘર બનાવે છે. પણ સરકાર જ જો આપણ સપનાને સાકાર કરવાનું બીડુ ઝડપે તો એ આખી વાત જ નિરાલી છે. સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના એક એવી જ નિરાળી યોજના છે. જેનાથી દેશના લાખો ગરીબોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. ત્યારે સમગ્ર રાજ્યમાં વસવાટ કરતા આદિમ જૂથના તમામ પરિવારોને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાથી સંપૂર્ણ લાભાન્વિત કરીને સંપૂર્ણ સેચ્યુરેશનની દિશામાં નક્કર કાર્ય કરવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'પીએમ જનમન' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સુરત જિલ્લાના મહુવા તાલુકાના ગોપળા ગામના વતની એવા અંબાબેન કોળઘા ખેત મજુરી અને પશુપાલન કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ૫૪ વર્ષિય અંબાબહેને કહ્યું કે, હું અને મારો પરિવાર વર્ષોથી માટીના જર્જરિત ઘરમાં રહેતા હતા. કેટલાય વર્ષો વિત્યા પણ પોતાનું પાકું ઘર બન્યુ ન હતું. ચોમાસાના વરસાદમાં ઘરવખરી પલળી જવાથી માંડીને આખી રાત પલળતાં બેસી રહેવું પડે તેવી સ્થિતિ હતી. ખેત મજૂરીમાંથી પાકું મકાન બનશે કે કેમ એ માત્ર કલ્પના જ હતી. ગામના બીંજા પાકા મકાન જોઈને મારે કયારે પાકું આવાસ બનશે તેવા વર્ષોથી સ્વપ્ન જોયા હતા. પણ સરકારની પીએમ આવાસ યોજના થકી અમારૂ ઘર અને સપના પાકા થઈ ગયા છે એમ તેમણે જણાવ્યું હતું. અંબાબેન કહે છે કે, ખેત મજૂરી કામ કરીને ઘર પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ.



સાથે પશુપાલન પણ કરીએ છીએ. વહીવટી તંત્રના માર્ગદર્શનથી આવાસ યોજનાનું ફોર્મ ભર્યું હતું. આવાસ બનાવવા માટે સહાય મળવાની એક આશા બંધાણી. સરકારીની પ્રધાનમંત્રી જમનમ આવાસ યોજનાએ અમારી ઘરે ખુશીના દ્વાર ખોલ્યા છે. ત્રણ હપ્તામાં રૂપિયા બે લાખ સહાય મળવાથી આજે પોતાનું ઘર બનાવીને તેમાં રહેવાની ખુશી કંઈક ઓર છે. જેમાં પ્રથમ હપ્તો રૂપિયા ૫૦ હજાર, બીજો હપ્તો રૂપિયા ૧.૨૦ લાખ અને ત્રીજો હપ્તો ૩૦ હજાર એમ કુલ ૨ લાખ તથા મનરેગા યોજનામાંથી ૯૦ દિવસની રોજગારી રૂપે લાભાર્થીને ૨૫,૨૦૦ જેટલી રોજગારી પણ મળે છે. અંબાબેન વધુમાં ઉમેર્યું હતું કે, 'સરકારે અમારા જેવા ગરીબોના પાકા મકાન બનાવવામાં મદદરૂપ તો બન્યા છે પણ સાથે સાથે અમારા પરિવારની આરોગ્યની ચિંતા કરીને આયુષ્માન કાર્ડ પણ આપ્યું છે એટલે ઓચિંતી આવી પડતી બિમારીની આફત સામે પણ લડી શકીશું. આ ઉપરાંત પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના તો મારા માટે સાચે જ આશીર્વાદરૂપ બની છે કેમ કે રોજ સવારે મારા માથે લાકડાનો ભાર લઈને આવતી હતી એટલું જ નહીં પણ ચુલાના ધુમાડાથી આંખોમાં પણ બળતરા થતી હતી. યોજના હેઠળ ગેસ મળવાથી કાયમી ધુમાડામાંથી મુકિત આપી છે એમ તેમણે ઉમેર્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો, પણ તમારી પ્રેમ અને સારસંભાળ ધરાવતા લોકોને તમારી વાણીથી નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે-અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂં વર્તન કરશે. સંવાદ સાધવાની તમારી કળા પ્રભાવિત કરનારી રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. તમેએવી કોઈક મોટા બાબતનો હિસ્સો બનશો જે તમને સરાહના તથા વળતર બંને મેળવી આપશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઈ માંગ કરી શકે છે પરંતુ તમે તે પૂરા કરી શકશો નહીં, જેના કારણે તમારો પ્રિયતમ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે. તેઓ તમારી સાથે ગુસ્સે થાય તે પહેલાં, પોતાની ભૂલ નો અહેસાસ કરો અને તેમને મનાવી લો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે. આજે તમે બાકી રહી ગયેલા અનેક નાના પણ મહત્વના કામ પૂરાં કરી શકશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો, પણ તમારી પ્રેમ અને સારસંભાળ ધરાવતા લોકોને તમારી વાણીથી નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે. કામના સ્થળે આજે બધા જ તમને પ્રેમ કરશે તથા ટેકો આપશે.

# બુમરાહ અને સિરાજ છવાઈ ગયા, બેકફુટ ઉપર ઓસ્ટ્રેલિયા

## પ્રથમ દિવસે ભારતીય ટીમ ૧૫૦ રનમાં ઓલઆઉટ, ઓસ્ટ્રેલિયાએ દિવસના અંતે ૬૭ રનમાં ૭ વિકેટ ગુમાવી

। (એજન્સી) પર્થ, તા.૨૨ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પર્થમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટનો પ્રથમ દિવસ સમાપ્ત થઈ ગયો છે. ભારતીય ટીમે પોતાની પ્રથમ ઈનિંગમાં માત્ર ૧૫૦ રન બનાવ્યા હતા. ભારત માટે નિતીશ કુમાર રેડ્ડીએ સૌથી વધુ ૪૧ રન ફટકાર્યા હતા. તો ઓસ્ટ્રેલિયા માટે જોશ હેઝલવુડે સૌથી વધુ ૪ વિકેટ લીધી હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ દિવસના અંતે પોતાની પ્રથમ ઈનિંગમાં ૭ વિકેટે ૬૭ રન બનાવી લીધા છે. ઓસ્ટ્રેલિયા હજુ ભારતના સ્કોરથી ૮૩ રન પાછળ છે. દિવસના અંતે મિચેલ સ્ટાર્ક અને એલેક્સ કેરી ક્રીઝ પર હતા. ભારતીય કેપ્ટન જસપ્રીત બુમરાહે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો




હતો. જેના જવાબમાં ભારતીય ટીમ માત્ર ૧૫૦ રન બનાવી શકી હતી. ત્યારે લાગી રહ્યું હતું કે ભારતીય ટીમ મુશ્કેલીમાં છે. પરંતુ ભારતીય બોલરોએ કમાલનું પ્રદર્શન કર્યું હતું. ભારતીય કેપ્ટન જસપ્રીત બુમરાહે ૪ વિકેટ ઝડપીને ઓસ્ટ્રેલિયાને બેકફૂટ પર ધકેલી દીધું હતું. બુમરાહે ઉસ્માન ખ્વાજા, નાથન મેકસ્વીની અને સ્ટીવ સ્મિથને આઉટ કરી ઓસ્ટ્રેલિયાને શરૂઆતી ઝટકા આપ્યા હતા. મેકસ્વીની ૧૦ રન બનાવી ન્યૂ આઉટ થયો હતો. ત્યારબાદ ઉસ્માન ખ્વાજા ૮ રન બનાવી કેચઆઉટ થયો હતો. જ્યારે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટર સ્ટીવ સ્મિથને બુમરાહે શૂન્ય રને આઉટ કરી ભારતને મોટી સફળતા અપાવી હતી. આ મેચમાં પર્દાપણ કરનાર હર્ષિત રાણાએ ખતરનાક બેટર ટ્રેવિસ હેડ (૧૧) ને બોલ્ડ કરી પેવેલિયન પરત મોકલી આપ્યો હતો. ત્યારબાદ મોહમ્મદ સિરાજે લાબુશેન (૨) અને મિચેલ માર્શ (૬) ને આઉટ કર્યા હતા. નિચલા ક્રમમાં પણ બુમરાહે પેટ કમિન્સને પંતના હાથે કેચઆઉટ કરાવી ઓસ્ટ્રેલિયાને સાતમો ઝટકો આપ્યો હતો. ટોસ જીતીને ભારતીય ટીમના કેપ્ટન જસપ્રીત બુમરાહે પહેલા બેટિંગ કરવાનું પસંદ કર્યું. પરંતુ આખી ટીમ ૧૫૦ રન પર પેલેવિયન ભેગી થઈ ગઈ. અત્રે જણાવવાનું કે ભારતીય ટીમે ગત બે પ્રવાસમાં ઓસ્ટ્રેલિયાને ઘર આંગણે જ હરાવ્યું છે. આ વખતે હેટ્રિકની તક છે. આ મહાસિરીઝમાં કુલ ૫ ંચ મેચ રમાશે. આ મેચમાં નીતિશકુમાર રેડ્ડી, હર્ષિત રાણાનું ટેસ્ટ ડેબ્યુ થયું. મેચ શરૂ થતા જ ભારતને યશસ્વી જયસ્વાલ શૂન્ય રને આઉટ થઈ જતા ઝટકો લાગ્યો હતો. ત્યારબાદ તો વિકેટ ટકવાનું નામ જ નહતી લેતી.

## લિકર પોલિસી કેસની કાર્યવાહી પર રોક લગાવવા કોર્ટનો ઈનકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને AAPના નેતા અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ લિકર પોલિસી કેસની કાર્યવાહી પર રોક લગાવવાનો ઈનકાર કર્યો. કેજરીવાલ દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ સંબંધિત અનિયમિતતાના કેસમાં આરોપી છે. જસ્ટિસ મનોજ કુમાર ઓહરીએ કેસમાં ચાર્જશીટને સંજ્ઞાન લેવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી કેજરીવાલની અરજી પર તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસેથી જવાબ માંગ્યો હતો. હવે આ કેસની સુનાવણી ૨૦મી ડિસેમ્બરે થશે. ૨૦ નવેમ્બરના રોજ, કેજરીવાલે કથિત લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને ધ્યાનમાં લેવાના ટ્રાયલ કોર્ટના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અગાઉ ૧૨ નવેમ્બરે હાઈકોર્ટે કેજરીવાલની અન્ય એક અરજી પર ED પાસેથી જવાબ માંગ્યો હતો, જેમાં મની લોન્ડરિંગ કેસમાં એજન્સીની ફરિયાદ પર તેમને જારી કરાયેલા સમન્સને પડકારવામાં આવ્યો હતો. તેણે ફોજદારી કેસમાં આ તબક્કે તાબાની અદાલતની કાર્યવાહી પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટે મની લોન્ડરિંગ કેસમાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૨ જુલાઈના રોજ વચગાળાના જામીન આપ્યા હતા.

## ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલી PM સામે ધરપકડ વોરંટ કર્યું જારી

। (એજન્સી) ઈઝરાયલ,તા. ૨૨ ।

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)ના ન્યાયાધીશોએ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોઆવ ગેલેન્ટ તેમજ હમાસના લશ્કરી કમાન્ડર સામે ધરપકડ વોરંટ જારી કર્યું છે. એક નિવેદનમાં જણાવાયું છે કે, એક પ્રી-ટ્રાયલ ચેમ્બરે કોર્ટના અધિકારક્ષેત્રમાં ઈઝરાયલી પડકારોને નકારી કાઢ્યા હતા અને બેન્જામિન નેતન્યાહુ અને યોઆવ ગેલેન્ટ માટે વોરંટ જારી કર્યા હતા. મોહમ્મદ ડેઈફ માટે વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું, જોકે ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તે જુલાઈમાં ગાઝામાં હવાઈ હુમલામાં માર્યો ગયો હતો. તે જાણવા મળ્યું કે, આ વાતના વ્યાજબી કારણો છે કે, આ ત્રણેય લોકો ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધ દરમિયાન કથિત યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ''ગુનાહિત જવાબદારી'' લે છે. ઈઝરાયેલ અને હમાસ બંનેએ આરોપોને ફગાવી દીધા છે. માહિતી અનુસાર, આરોપ માં કહેવામાં આવ્યું છે કે કોર્ટને એ માનવા માટે વાજબી કારણ પણ મળ્યું છે કે નેતન્યાહૂએ જાણીજોઈને નાગરિકોને નિશાન બનાવ્યા.


### વકીલ સનાએ કર્યા મોટા ખુલાસા

# રૂપાલી ગાંગુલીની માનહાનિની નોટિસનો સાવકી દીકરી ઈશાએ ન આપ્યો જવાબ

## આ મહિનાની શરૂઆતમાં, તેણે તેની સાવકી પુત્રીને ૫૦ કરોડ રૂપિયાની માનહાનિની નોટિસ મોકલી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

અનુપમા તરીકે ચાહકોના દિલ પર રાજ કરનાર ફેમસ ટીવી એક્ટ્રેસ રૂપાલી ગાંગુલી છેલ્લા કેટલાક સમયથી પોતાની અંગત જિંદગીને લઈને ચર્ચામાં છે. હાલમાં જ તેમની સાવકી દીકરી ઈશા વર્માએ તેમના પર ઘણા ગંભીર આરોપ લગાવ્યા હતા. આ પછી અભિનેત્રીએ તેની સામે ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કર્યો હતો, પરંતુ હવે તેના વકીલે ખુલાસો કર્યો છે કે આ નોટિસ પર તેની સાવકી દીકરીનો કોઈ જવાબ મળ્યો નથી. કહેવામાં આવી રહ્યું છે કે સાવકી દીકરી ઈશાએ ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કર્યા બાદ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પ્રાઈવેટ કરી દીધું છે. રૂપાલી ગાંગુલીના વકીલ સના રઈસ ખાને ખુલાસો કર્યો છે કે તેમની સાવકી પુત્રી ઈશા વર્માએ હજુ સુધી માનહાનિની નોટિસનો જવાબ આપ્યો



નથી. તેણે અમારી સહયોગી વેબસાઈટ ન્યૂઝ૧૮ શોશા સાથેની ખાસ વાતચીતમાં આ વાતનો ખુલાસો કર્યો છે. વકીલ સનાએ આ ઈન્ટરવ્યુ દરમિયાન આ કાયદાકીય લડાઈ સાથે જોડાયેલી ઘણી મહત્વપૂર્ણ માહિતી શેર કરી છે. તેણે એ પણ જણાવ્યું કે ઈશાએ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટ ડિલીટ કરી દીધી હોવા છતાં તેણે અત્યાર સુધી ન તો કોઈ પ્રતિક્રિયા આપી છે અને ન તો લીગલ નોટિસનો કોઈ જવાબ આપ્યો છે. પોતાની વાત જણાવતા સનાએ કહ્યું, 'ઈશાએ અત્યાર સુધી કોઈ જવાબ આપ્યો નથી, અમારી નોટિસ મળ્યા બાદ તેણે તમામ અપમાનજનક પોસ્ટ ડિલીટ કરી દીધી છે અને એક એકાઉન્ટ પણ ડિલીટ કરી દીધું છે. રૂપાલીએ પોતે જ ઈશાને બદનક્ષીની નોટિસ મોકલવાનું નક્કી કર્યું હતું જ્યારે તેણે તેના ૧૧ વર્ષના પુત્ર રુદ્રાંશને લઈને આ મામલે ટિપ્પણી કરી હતી.' સનાએ પોતાનો મુદ્દો આગળ ધપાવતાં કહ્યું, 'રૂપાલીએ આ મોટું પગલું ત્યારે લીધું જ્યારે ઈશાએ તેના બાળકને ગેરકાયદેસર જાહેર કર્યું અને મામલો વધુને વધુ અપમાનજનક બની રહ્યો. આવી સ્થિતિમાં તેને નોટિસ મોકલવી જરૂરી બની ગઈ હતી. કારણ કે તેના તમામ આરોપો પાયાવિહોણા છે. તેનાથી રૂપાલીની ઈમેજ પર પણ અસર થાય છે. તેઓએ ૧૧ વર્ષના બાળકને ખેંચીને તમામ હદો વટાવી દીધી હતી.' તમને જણાવી દઈએ કે સનાએ એ પણ ખુલાસો કર્યો હતો.

## ટ્રમ્પના ટ્રેડવોરનો સામનો કરવા ચીને સંખ્યાબંધ પગલાં જાહેર કર્યા

। (એજન્સી) બેઇજિંગ, તા.૨૨ ।

અમેરિકામાં આગામી ટ્રમ્પ સરકારના સંભવિત ઊંચા ટેરિફનો સામનો કરવા ચીને ગુરુવારે તેના નિકાસ ક્ષેત્રને સમર્થન આપવા માટે સંખ્યાબંધ નવા નીતિવિષયક પગલાંની જાહેરાત કરી હતી. અમેરિકી પ્રમુખ તરીકે ચુંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે તેમના અગાઉના કાર્યકાળમાં ચાઈનીઝ નિકાસ પર શ્રેણીબદ્ધ ટેરિફ લાદીને ચીન સામે વેપાર યુદ્ધ શરૂ કર્યું હતું. નવી ટર્મમાં પણ ટ્રમ્પે ચીની પ્રોડક્ટ્સ પર આશરે ૬૦ ટકા ડ્યૂટી લાદવાની ચીમકી આપેલી છે. નવ મુદ્દાના દસ્તાવેજમાં ચીનના વેપાર મંત્રાલયે જણાવ્યું હતું કે આ નવા પગલાંથી ચીની કંપનીઓને ગેરવાજબી વિદેશી વેપાર પ્રતિબંધોનો સામનો કરવામાં અને નિકાસ માટે સારું વિદેશી વાતાવરણ બનાવવામાં મદદ મળશે. નવા પગલાંમાં વિદેશી વેપાર કરતી કંપનીઓ માટે એક્સપોર્ટ ક્રેડિટ ઈન્શ્યોરન્સનો વિસ્તાર કરવાના અને વધુ નાણાકીય સપોર્ટનો સમાવેશ થાય છે. મંત્રાલયે સીમા પારના ઈ-કોમર્સને મજબૂત બનાવવા માટે પણ હાકલ કરી હતી, જે દેશના અર્થતંત્રમાં એક ચમકતો તારલો બન્યો છે. નવા પગલાંઓમાં સ્પેશ્યાલિટી કૃષિ પ્રોડક્ટ્સ અને અન્ય કોમોડિટી સહિત નિકાસના વિસ્તરણનો સમાવેશ થાય છે. આની સાથે મહત્ત્વના ઈક્વિપમેન્ટ અને એન ઉર્જા સંસાધનોની આયાતને સમર્થન આપવામાં આવ્યું છે.

# ભારત ક્યારેય સ્વાર્થ સાથે આગળ વધ્યું નથી, લોકશાહી અમારા ડીએનએમાં: PM મોદી

## પીએમ મોદીએ કહ્યું કે, 'ગુયાના સાથે મારો ગાઢ સંબંધ છે બંને દેશ વિશ્વમાં લોકશાહીને મજબૂત કરી રહ્યા છે

। (એજન્સી) જ્યોર્જટાઉન, તા.૨૨ ।

કેરેબિયન દેશ ગુયાનાની સંસદમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક સંબોધન આપ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે, 'ગુયાના સાથે મારો ગાઢ સંબંધ છે. બંને દેશ વિશ્વમાં લોકશાહીને મજબૂત કરી રહ્યા છે. હું ગુયાનાની સંસદમાં ૧૪૦ કરોડ ભારતીયો વતી અભિનંદન આપું છું'પીએમ મોદીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક કહ્યું કે, ''આજે વિશ્વની સામે આગળ વધવાનો સૌથી મજબૂત મંત્ર છે - લોકશાહી પ્રથમ, માનવતા પ્રથમ. લોકશાહી પ્રથમની ભાવના આપણને શીખવે છે કે સૌને સાથે લઈને ચાલો, સૌને સાથે લઈને સૌના વિકાસમાં સહભાગી બનો. માનવતા પ્રથમ - ની ભાવના આપણા નિર્ણયોની દિશા નક્કી કરે છે. જ્યારે માનવતા પ્રથમ - નિર્ણયોનો આધાર બને છે તો પરિણામ પણ માનવતાના હિતમાં આવે છે.'' પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ''ભારત ક્યારેય વિસ્તારવાદની ભાવનાથી આગળ વધ્યું નથી. સંસાધનો પર કબજો



કરવાની ભાવનાથી ભારત હંમેશા દૂર રહ્યું છે. આજે ભારત શાંતિના પક્ષમાં ઊભું છે. આ ભાવનાની સાથે આજે ભારત ગ્લોબલ સાઉથનો પણ અવાજ બન્યું છે.''ડોમિનિકા અને ગુયાનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કર્યા છે. ગુયાનાએ 'ધ ઓર્ડર ઓફ એક્સેલન્સ'થી સન્માનિત કર્યા છે. ડોમિનિકાએ કોરોના સમયે કેરેબિયન દેશોમાં તેમના યોગદાન અને ભારત અને ડોમિનિકાની વચ્ચેની દ્વિપક્ષીય ભાગીદારીને વધારવા માટેના તેમના સમર્પણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના સર્વોચ્ચ પુરસ્કાર 'ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર'દ્વારા સન્માનિત કર્યા છે.

## ત્રણ કલાકથી વધુ મોડી પડતી ફ્લાઇટ્સને રદ કરવા સરકારનો આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ગાઢ ધુમ્મસને કારણે અનેક ફ્લાઈટ્સ વિલંબિત બની રહી ત્યારે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એરલાઈન્સને ફ્લાઈટમાં કોઈપણ વિલંબની તાત્કાલિક મુસાફરોને જાણ કરવા તથા ત્રણ કલાકથી વધુ વિલંબિત ફ્લાઈટ્સ રદ કરવાનો આદેશ આપ્યો હતો.બુધવારે નાગરિક ઉડ્ડયન પ્રધાન કે રામમોહન નાયડુની અધ્યક્ષતામાં ધુમ્મસની તૈયારી અંગેની સમીક્ષા બેઠક પછી આ માર્ગદર્શિકા જારી કરાઈ હતી. પ્રધાને મુસાફરીની સુવિધા અને સલામતીને પ્રાથમિકતા આપતા 'ઈઝ ઓફ ફ્લાઈંગ' વિઝન સાથે અનુરુપે પેસેન્જર-ફર્સ્ટ અભિગમ પર ભાર મૂક્યો હતો. દિલ્હી જેવા એરપોર્ટ પર ખાસ કરીને ડિસેમ્બરમાં એરલાઈન્સને CAT II/III અનુરૂપ વિમાન અને તાલીમબદ્ધ પાઈલટ્સનો ઉપયોગ કરવાની તાકીદ કરાઈ છે. એરલાઈન્સને અસુવિધામાં ઘટાડો કરવા માટે ચેક-ઈન કાઉન્ટર પર સંપૂર્ણ સ્ટાફ જાળવવા અને સંદેશાવ્યવહારની સુવિધા માટે ટિકિટ બુક કરતી વખતે મુસાફરોની સચોટ સંપર્ક વિગતો રેકોર્ડ કરવાનો પણ આદેશ અપાયો છે. માર્ગદર્શિકા મુજબ દિલ્હી એરપોર્ટના ઓપરેટર DIALએ વિઝિબિલિટીની સ્થિતિ અંગેના રીઅલ-ટાઈમ અપડેટ્સ LED સ્ક્રીન ઈન્સ્ટોલ કરવી પડશે તથા ઓછી-વિઝિબિલિટી દરમિયાન વિમાનને માર્ગદર્શન આપવા માટે 'ફોલો મી' વાહનોની સંખ્યામાં વધારો કરવો પડશે.

# હિમાચલ ભવન પછી બિકાનેર હાઉસની હરાજીનો પણ આદેશ

## દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં કોમર્શિયલ કોર્ટના જજ વિદ્યા પ્રકાશની બેન્ચે બીકાનેર હાઉસ અંગેનો ચુકાદો આપ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હીમાં હિમાચલ ભવનની હરાજીના ચુકાદા પછી પટિયાલા હાઉસ કોર્ટે દિલ્હી સ્થિત બીકાનેર હાઉસની હરાજી કરવાનો પણ આદેશ આપ્યો છે. બીકાનેર હાઉસની માલિકી રાજસ્થાન નગરપાલિકા પાસે છે. રાજસ્થાનની નોખા નગરપાલિકા અને એન્વાયરો ઈન્ળા એન્જિનીયર્સ પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે થયેલી સમજૂતીનું પાલન નહીં થવાને કારણે કોર્ટ દ્વારા આદેશ અપાયો છે.દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં કોમર્શિયલ કોર્ટના જજ વિદ્યા પ્રકાશની બેન્ચે બીકાનેર હાઉસ અંગેનો ચુકાદો આપ્યો હતો. એન્વાયરો ઈન્ફ્રા એન્જિનીયર્સ સાથેના વિવાદને પગલે નગરપાલિકાને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રૂ.૫૦.૩૧ લાખ ચૂકવવાનો આદેશ અપાયો હતો, પણ નગરપાલિકાએ કંપનીને રકમ ચૂકવી ન હતી. કેસની આગામી સુનાવણી ૨૯ નવેમ્બરે થશે. એ દિવસે બીકાનેર હાઉસના વેચાણ સંબંધી શરતો અને અન્ય પ્રક્રિયા પર નિર્ણય જાહેર કરાશે.




અગાઉ હિમાચલ પ્રદેશની કોર્ટે દિલ્હીના મંડી હાઉસમાં સ્થિત હિમાચલ ભવનની હરાજીનો આદેશ આપ્યો હતો.હિમાચલ સરકારે સેલી હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર કંપનીની બાકી રકમ નહીં ચૂકવવાને કારણે કોર્ટ દ્વારા આદેશ અપાયો હતો. સરકારને રૂ.૬૪ કરોડ પરત કરવાના હતા અને કોર્ટે સાત ટકા વ્યાજ સાથે ચૂકવણીનો આદેશ આપ્યો હતો. એ ગણતરી સાથે સરકાર પાસે કંપનીની લગભગ રૂ.૧૫૦ કરોડની રકમ બાકી છે. હવે હાઈકોર્ટે હિમાચલ ભવનની હરાજીનો આદેશ આપ્યો છે. જોકે, હિમાચલ પ્રદેશની સરકારે ચુકાદા સામે અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, કોર્ટની વારંવાર ટકોર છતાં બાકી રકમની ચૂકવણી ન કરાય ત્યારે મિલકતોની હરાજીનો આદેશ અપાતો હોય છે.

**વિશેષ** — માંડવી તાલુકાના વાંકલા ગામના પ્રગતિશીલ આદિવાસી ખેડૂતે ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતીમાં મેળવી સફળતા

# મિતુલભાઈ ૧.૫૦ વીઘા જમીનમાં ટીંડોરાની શાકભાજીના પાકનું નજીવા ખર્ચે વાવેતર કરી મહિને રૂ. 30 હજારની આવક મેળવી રહ્યા છે

। (માહિતી) ગાંધીનગર ।

રાસાયણિક દવા અને ખર્ચાળ ખાતરની ખેતીને તિલાંજલી આપીને ખેડૂતો ધીમે ધીમે પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યાં છે, ત્યારે સુરત જિલ્લાના માંડવી તાલુકાના વાંકલા ગામના ખેડુત મિતુલભાઈ શંકરભાઈ ચૌધરીએ રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવ્યો છે.

છેલ્લા ચાર વર્ષથી ગાયના છાણના ખાતર આધારિત પ્રાકૃતિક ખેતી કરી સારૂ ખેત ઉત્પાદન અને આર્થિક ઉપાર્જન મેળવી રહ્યા છે. તેમણે આ વર્ષે ૧.૫૦ વીઘા જમીનમાં નજીવા ખર્ચે શાકભાજી ટીંડોરાનું વાવેતર કરી મહિને રૂ.૩૦ હજારની આવક રળી રહ્યા છે. વાંકલા ગામના સરકણીયા ફળિયામાં રહેતા આદિવાસી ખેડૂત મિતુલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ''પહેલાં અમે પરંપરાગત ખેતી કરતા હતા, પણ જ્યારથી





મેં ખેતીમાં રસ લેવાનું શરૂ કર્યું, ત્યારથી પ્રાકૃતિક ખેતીમાં આકર્ષણ વધ્યું. પ્રાકૃતિક ખેતીની પ્રક્રિયા સમજી અને અભ્યાસ કર્યો, ત્યારબાદ વેલાવાળા શાકભાજીનું વાવેતર કર્યું. જેમાં સારૂ ઉત્પાદન મળ્યું. પ્રાકૃતિક ખેતીના કારણે પાકમાં કોઈ રોગ આવ્યો ન હતો. જેથી ઉત્સાહ પણ વધ્યો. બીજા વર્ષે પણ વેલાવાળા શાકભાજી ઉગાડ્યા. હાલમાં ૧.૫૦ વીઘા જમીનમાં નજીવા ખર્ચે ટીંડોરા, રીંગણના પાકનું વાવેતર કર્યું છે, જેનાથી વાર્ષિક રૂ.૩,૬૦,૦૦૦ની આવક પ્રાપ્ત થઈ છે. જેનાથી ઘર પરિવારનું ગુજરાન સરળતાથી કરી રહ્યો છું. આવકનો એક ભાગ મારા ખેતરમાં પ્રાકૃતિક ખેતીને વધુ કાર્યક્ષમ બનાવવા કરી રહ્યો હોવાનું તેઓ જણાવે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક એટલે મૂળ પ્રાકૃતિક ખેતી જ કરવી એવું પ્રારંભથી જ નિશ્ચિત કર્યું હતું.

ખેતરમાં જાતે કામ કરવાનું, જીવામૃત, ઘન જીવામૃત, પ્રાકૃતિક દવા અને ખાતર જાતે જ તૈયાર કરવાનું. ઘરે ગાયના છાણમાંથી ખાતર બનાવીએ અને ખેતીમાં ઉપયોગ કરીએ છીએ. પ્રાકૃતિક કૃષિમાં થોડી વધુ મહેનત જોઈએ, બાકી ઉત્પાદન ખર્ચ તો નહિવત હોય છે. આ ખેતીના કારણે મહત્તમ અને બમણું ઉત્પાદન મળે છે, બમણી આવક થાય છે. ભાવ પણ વધારે મળે છે, જેથી નુકશાન જતું નથી. પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યને રક્ષણ મળે છે, તેમજ પાણીની પણ બચત થાય છે. આ ઉપરાંત, જમીનની ભેજ સંગ્રહશક્તિ પણ વધે છે. જેથી જમીન બંજર થતી નથી. પ્રત્યેક વર્ષમાં સારો પાક મેળવી શકાય છે. તેઓ કહે છે કે, પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત થયેલ શાકભાજી બજારમાં વેચવા જવાની પણ જરૂર પડતી નથી. સગાસંબંધી અને આસપાસના લોકો આ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત વસ્તુઓ મારી પાસે ખરીદી જાય છે.

સરકાર દ્વારા મળેલી આર્થિક સહાય વિશે વાત કરતા તેઓ કહે છે કે, રાજ્ય સરકારની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ થકી અમારા જેવા છેવાડાના ખેડૂતો આર્થિક રીતે પગભર બન્યા છે. વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા જિલ્લા પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા સાધન સહાય યોજનાનો લાભ પ્રાપ્ત થયો છે. આ મદદ ખૂબ ઉપયોગી બની છે. પ્રાકૃતિક ખેતી અપનાવી ખુશહાલ આદિવાસી ખેડૂત મિતુલભાઈ ચૌધરી પોતાના વિસ્તારના તેમજ રાજ્યના પ્રાકૃતિક ખેતીમાં રસ ધરાવતા અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બન્યા છે. .

## ગુજરાત રાજ્ય સરકારની સોમનાથ ખાતે ૧૧મી ચિંતન શિબિર । ચિંતન શિબિરના ભાગરૂપે રીજેન્ટા સેન્ટ્રલ સોમનાથ ખાતે યોગા અભ્યાસ કાર્યક્રમ યોજાયો








ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ ટ્રેનર્સ દ્વારા આયુષ મંત્રાલયના કોમન યોગા પ્રોટોકોલ મુજબ ચિંતન શિબિરમાં ઉપસ્થિત અધિકારીઓને યોગા કરાવામાં આવ્યા હતા.

## ન્યુઝ બોક્ષ

### ભાટપુરા અને ભાદરોલી ગામને જોડતો કોઝવે તૂટી જતાં લોકોની ભારે મુશ્કેલી

। (એજન્સી) પંચમહાલ, તા.૨૨ ।

પંચમહાલ જિલ્લાના ભાટપુરા અને ભાદરોલી ગામને જોડતો કોઝવે તૂટી જતાં લોકોની ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ચાર વર્ષ પહેલા પાંચ લાખના ખર્ચે બે તાલુકાના ગામોને જોડતા કોઝવેને બનાવાયો હતો. પંચમહાલ જિલ્લાના ભાટપુરા અને ભાદરોલી ગામને જોડતો કોઝવે તૂટી જતાં લોકોની ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ચાર વર્ષ પહેલા પાંચ લાખના ખર્ચે બે તાલુકાના ગામોને જોડતા કોઝવેને બનાવાયો હતો. પરંતુ ચોમાસામાં ધોધમાર વરસાદના લીધે બાપોઈ નદીમાં ભારે પૂર આવવાથી કોઝવે ધોવાઈ ગયો અને પુલ પર મોટા ગાબડા પડી ગયા છે. કોઝવેમાં મસમોટા ગાબડાઓ પડી જતાં લોકોને બાઈક લઈને પસાર થવું પણ મુશ્કેલી બન્યું છે.

### સાણંદ GIDCમાં SMCના દરોડા, દેશી દારુની ભઠ્ઠી ઝડપાઈ, ૧ની ધરપકડ

। (એજન્સી) સાણંદ, તા.૨૨ ।

ગુજરાતમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા વારંવાર ઝડપાતો હોય છે. ત્યારે અમદાવાદના સાણંદ GIDCમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા પાડ્યા છે. ખોરજ ગામમાં ફાટી તળાવ પાસેથી દેશી દારુની ભઠ્ઠી ઝડપાઈ છે.ગુજરાતમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા વારંવાર ઝડપાતો હોય છે. ત્યારે અમદાવાદના સાણંદ GIDCમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા પાડ્યા છે. ખોરજ ગામમાં ફાટી તળાવ પાસેથી દેશી દારુની ભઠ્ઠી ઝડપાઈ છે.

### ૨૫ થી ૨૮ નવેમ્બર સુધી બજાણા અને જટપિપલી રેલ્વે સ્ટેશનો વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નંબર ૨૫ SPL બંધ રહેશે

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ ડિવિઝનના વિરમગામ-ધ્રાંગધ્રા સેક્શનમાં બજાણા અને જટપિપ લી રેલ્વે સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૨૫ SPL કિમી.૫૯૧/૨૫-૨૭ સમારકામ અને જાળવણી કાર્ય માટે ૨૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યા થી ૨૮ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ૨૧.૦૦ વાગ્યા સુધી (૦૪ દિવસ) બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન નાના વાહનો અંડરપાસ (RUB) નંબર ૪૨ છ કિમી.૫૯૫/૧૭-૧૯ દ્વારા મુસાફરી કરી શકશે અને ભારે વાહનો પાટડી-વિરમગામ થઈને મુસાફરી કરી શકશે.

### અમદાવાદ ટુ રાજકોટનુ પહેલુ ટોલનાકુ

# બાવળા પછી ૧૨ કિમી દૂર ભાયલા ગામ પાસે ટોલનાકું બનાવાયું

### હાલ અમદાવાદથી રાજકોટનો રસ્તો ૩૩૫૦ કરોડના ખર્ચે સિક્સલેનબની રહ્યો છ જેને કારણે હાઈવે પર મોટાપાયે ધરખમ ફેરફારો કરાયા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

સૌરાષ્ટ્રના મોટા સેન્ટર સુધી પહોંચવા માટે અમદાવાદ ટુ રાજકોટના રસ્તો બહુ જ મહત્વપૂર્ણ ગણાય છે. અમદાવાદથી રાજકોટનો રસ્તો એ મુખ્ય ધોરી માર્ગ છે. ત્યારે હવે આ હાઈવે પર મોટા બદલાવ આવી રહ્યા છે. જે દરેક વાહન ચાલકે જાણી લેવા જરૂરી છે. જલ્દી જ આ હાઈવે સિક્સલેનમાં બદલાઈ જવાનો છે. જેને કારણે કેટલાક ટોલનાકા બંધ થવાના છે, અને કેટલાક નવા ટોલનાકા શરૂ થવાના છે. અમદાવાદથી રાજકોટ જતા પહેલું ટોલનાકું બાવળા પછી ૧૨ કિમી દૂર ભાયલા ગામ પાસે કોરોના કંપની પાસે બનાવાયુ છે. બીજું ટોલનાકું બગોદરા અને લીંબડી વચ્ચે ટોકરાળા ગામ પાસે, ત્રીજું ટોલનાકું ઢેઢુંકી ગામ પાસે (સાયલા-ચોટીલા વચ્ચે) તેમજ ચોથું ટોલનાકું માલિયાસણ ગામ (રાજકોટથી ૮ કિમી પહેલાં) બનાવવામાં આવ્યું છે. અમદાવાદ-રાજકોટ હાઈવે સૌરાષ્ટ્રને રાજ્યના બીજા ભાગ સાથે જોડતો સૌથી મહત્ત્વનો હાઈવે છે. તેને રાજ્યની ધોરીનસ પણ કહેવામાં આવે છે. આમ, જો કોઈને અમદાવાદથી રાજકોટ વચ્ચેનું ૨૦૧ કિલોમીટરનું અંતર કાપુવં હોય તો હવે ચાર ટોલનાકા પર ટેક્સ ભરવો પડશે, તો જ તમે રાજકોટ સુધી સડસડાટ ગાડી લઈને પહોંચી શકશો. હાલ અમદાવાદથી રાજકોટનો રસ્તો ૩૩૫૦ કરોડના ખર્ચે સિક્સલેનબની રહ્યો છે. જેને કારણે હાઈવે પર મોટાપાયે ધરખમ ફેરફારો કરાયા છે. આ હાઈવે પર બે ટોલનાકા હતા એ કાઢી લેવાયા છે, અને તેને બદલે ૪ નવા ટોલનાકા ઉભા કરાયા છે.હવે રાજકોટ સુધી જનારા અમદાવાદના મુસાફરોને એક બે નહિ, સીધા ચાર ટોલનાકા પર ખિસ્સુ ખંખેરીને આગળ જવું પડશે. ચારેય ટોલનાકા પર કેટલા રૂપિયા વસૂલાશે એ તો હજી નક્કી નથી, પરંતુ વાહન ચાલકોના ખિસ્સા ખંખેરાશે તે સો ટક્કા નક્કી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ-અમદાવાદ ૨૦૧ કિલો મીટરનો સિક્સલેન રોડનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. રોડ બનાવનાર એજન્સીને ડિસેમ્બર-૨૦૨૪ની આખરી મુદત આપવામાં આવી છે. ૨૦૧ કિલો મીટરના હાઈવે પાછળ સરકારે અત્યાર સુધીમાં ૩૩૫૦ કરોડનો ખર્ચ કર્યો છે. આ ખર્ચ વાહન ચાલકો પાસેથી વસુલ કરવા સરકારી તંત્રએ પૂરી તૈયારી કરી લીધી છે.

### સુરત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસમાં ૫૦થી વધુ નળ ચોરાયા

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસમાં ૫૦થી વધુ નળ ચોરાયા છે. આ ચોરીની ઘટનાઓ રાત્રે બની રહી છે અને છ માળ પરથી નળ ચોરાયા છે. આ ઘટનાથી હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા પર સવાલ ઉઠી રહ્યા છે. ચોરોએ રોકડ કે કિંમતી સામગ્રીને બદલે નળ ચોરવાનું પસંદ કર્યુ છે, જે ગુનાહિત પ્રવૃત્તિઓમાં એક અજીબોગરીબ ઘટના છે. સુરતમાં આમ તો ચોરી, હત્યા અને લૂંટ સહિતની અનેક ગુનાખોરીની ઘટનાઓ બનતી રહે છે. જો કે સુરતમાં હવે ચોરીની એક અજીબોગરીબ ઘટના બની છે. આ ચોરી બીજે ક્યાંય નહીં પણ મોટી સંખ્યામાં જ્યાં દર્દીઓ હોય છે, તેવા સુરતના સિવિલ હોસ્પિટલમાં બની છે. સુરત હોસ્પિટલમાંથી ચોર બીજુ કઈ નહીં પરંતુ અલગ અલગ માળ પરથી નળની ચોરી કરી ગયા છે. આ બનાવ એક જ દિવસમાં બન્યો નથી, પરંતુ છેલ્લા ૧૫ દિવસમાં સિવિલ હોસ્પિટલમાંથી ચોર ૫૦થી વધુ નળ ચોરી ગયા છે. ચોર સિવિલ હોસ્પિટલના છ માળ પરથી બાથરુમથી લઈને બેસીન સહિતના સ્થળોએથી આ નળ ચોરીને લઈ ગયા છે. આ ઘટનાઓ રાત્રીના સમયે જ બની હોવાની માહિતી મળી રહી છે. સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં રોજ દર્દીઓ આવતા હોય છે. ઈલાજ માટે તેઓ રોકડ રકમ પણ સાથે રાખતા હોય છે.

### ૧૪૦ બોગસ એડમિશન રદ કરાયા

# અમદાવાદમાં આરટીઈ હેઠળ લીધેલા બોગસ એડમિશન રદ

### આ એડમિશન રદ કરવા પાછળનું મુખ્ય કારણ એ છે કે કેટલાકપૈસાદારવાલીઓએ 'ગરીબ' હોવાનોદાવોકર્યોહતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદમાં મફત શિક્ષણ માટેના નિયમોનું ઉલ્લંઘન થયું છે. અમદાવાદમાં RTE (અધિકાર શિક્ષણ કાયદો) હેઠળ મફત શિક્ષણ માટેના ૧૪૦ એડમિશન રદ કરવામાં આવ્યા છે. આ એડમિશન રદ કરવા પાછળનું મુખ્ય કારણ એ છે કે કેટલાક પૈસાદાર વાલીઓએ 'ગરીબ' હોવાનો દાવો કર્યો હતો, જ્યારે તેમની વાસ્તવિક આવક ૨૪ લાખ હતી પરંતુ એડમિશન મેળવવા માટે માત્ર દોઢ લાખ રૂપિયાની બતાવી હતી. આ મામલે શાળાઓ પણ શંકાના દાયરામાં આવી ગઈ છે, કારણ કે તેઓએ આ પ્રકારના દાવાઓને સ્વીકૃત કર્યા હતા. શહેરી વિસ્તારમાં RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે વાલીની આવક મર્યાદા દોઢ લાખથી વધુ ના હોવી જોઈએ. પરંતુ કેટલાક વાલીઓ આ નિયમને નેવે મુકીને ખોટા દસ્તાવેજ બનાવી, પોતાની આવક છુપાવીને બાળકને RTE હેઠળ એડમિશન અપાવી રહ્યા છે. ખોટા દસ્તાવેજો સાથે પ્રવેશ મેળવી લીધેલા આવા વિદ્યાર્થીઓના વાલીઓના દસ્તાવેજો શાળાઓને ધ્યાને આવતા તેમણે DEO કચેરીમાં સબમિટ કર્યા હતા. જેમના હિયરિંગ બાદ આખરે DEO કચેરીએ આવા ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવાનો નિર્ણય લીધો છે. અમદાવાદ DEOએ આ પ્રકારના ખોટી રીતે આવકના ખોટા પૂરાવા આપી મેળવેલા ૧૪૦ જેટલા એડમિશન રદ કરવાની સૂચના આપી છે. પ્રવેશ રદ કરાયેલા વિદ્યાર્થીઓએ હવે શાળા બદલવી પડશે અથવા જે તે શાળામાં ભણવું હશે તો ફી ચૂકવવી પડશે. RTE હેઠળ ફાળવવામાં આવેલા એડમિશનમાં કેટલાક એડમિશન શંકાસ્પદ જણાતા સ્કૂલ દ્વારા ખાનગી રીતે તપાસ હાથ ધરવામાં આવી હતી વાલીઓના આવકના પુરાવા તથા ઈક્મ ટેક્સ રિટર્ન ભેગા કરવામાં આવ્યા હતા. સ્કૂલો DEO કચેરીને પુરાવા સાથે ફરિયાદ કરી હતી. જેમાં સામે આવ્યું હતું કે વાલીઓની આવક વધુ હોવા છતાં ખોટી આવક દર્શાવી વાલીઓએ એડમિશન મેળવ્યા હતા. આ તમામ પુરાવા સાથે સ્કૂલોએ DEOને ફરિયાદ કરી હતી. વધુ આવક હોવા છતાં ઓછી આવક દેખાડી, ખોટા દસ્તાવેજો રજૂ કરીને વાલીઓએ પોતાના બાળકોનું RTE અંતર્ગત એડમિશન કરાવ્યાં હતા.

### વિવિધ કારણોસર સરકારી શાળાઓની સંખ્યા સતત ઘટી રહી છે

# પેથાપુરમાં અંગ્રેજી-ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરાશે

### પેથાપુર આસપાસની પ્રાથમિક શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓના હિતમાં ગાંધીનગર મનપાની સામાન્ય સભામાં નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીનગર મહાનગરપાલિકાએ સરકારી શાળાઓ અને શિક્ષણની જવાબદારી સંભાળી લીધી છે. ગાંધીનગરમાં વિવિધ કારણોસર સરકારી શાળાઓની સંખ્યા સતત ઘટી રહી છે ત્યારે પેથાપુરમાં ઉચ્ચતર માધ્યમિકની શાળા શરૂ કરવા ગાંધીનગર મનપાની સામાન્ય સભામાં નિર્ણય લેવાયો છે. સમયની જરૂરિયાતને ધ્યાને રાખી સરકારી શાળામાં ગુજરાતી માધ્યમની સાથે અંગ્રેજી માધ્યમમાં પણ શિક્ષણ આપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. ગુરુવારે યોજાયેલી ગાંધીનગર મનપાની સામાન્ય સભામાં શાસક પક્ષના નેતા અને પેથાપુરના કોર્પોરેટર અનિલસિંહ વાઘેલા પેથાપુરમાં નવીન શાળા બનાવવા દરખાસ્ત રજૂ કરી હતી. દરખાસ્તમાં જણાવ્યા મુજબ, પેથાપુર ખાતે હાલમાં ચરેડી, જૈન દેરાસર, સુરેલા, ફતેપુરા તેમ જ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના ૨૦૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે. તેમના ઉચ્ચતર અભ્યાસ માટે પેથાપુર ખાતે કોઈ જ સુવિધા ઉપલબ્ધ નથી. વિદ્યાર્થીઓને ઉચ્ચતર અભ્યાસ માટે ગાંધીનગર જવું પડે છે અથવા ખાનગી સંસ્થામાં વધારે ફી આપીને અભ્યાસ કરવો પડે છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો વધી રહ્યો છે, જેને ધ્યાને રાખી ગાંધીનગર મનપાએ પેથાપુરમાં ઉચ્ચર માધ્યમિક શાળા બનાવીને તેનું સંચાલન કરવું જોઈએ, જેથી ગરીબ વર્ગના બાળકોને ઉચ્ચ અને સારું શિક્ષણ પ્રાપ્ત થઈ શકે.

પેથાપુર ખાતે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળા બનાવવાની દરખાસ્તનો સમાવેશ એજન્ડામાં થયેલો ન હતો, પરંતુ મેયર સ્થાનેથી તેની રજૂઆત થઈ હતી. સામાન્ય સભામાં સર્વસંમતિથી તેને બહાલી આપવામાં આવી હતી.

### ખેડૂતોની નોંધણી અટકી

# પીએમ કિસાન યોજના માટેના એગ્રીસ્ટેક-ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખામી સર્જાઈ

### ટેકનિકલ ખામી ટૂંકમાં દૂર કરીને ખેડૂતોને જાણ કરાશે ગુજરાતમાં ૨.૫ લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઇ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ખેડૂતો માટેની એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા.૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. જો કે તેમાં કોઈ કારણોસર ખામી સર્જાતા તેમાં નોંધણી હાલ બંધ થયેલી છે.

આ રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ ૧૧ ડિજિટનો યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડીના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળ, પારદર્શક અને સમયસર મળશે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨.૫ લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ કરી છે.

દરમિયાન ભારત સરકારની સૂચના અનુસાર એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના તમામ ખેડૂતોની ફાર્મર રજીસ્ટ્રી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. જ્યારે, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થી ખેડૂતોને આગામી ડિસેમ્બર માસનો હપ્તો મેળવવા માટે તા. ૨૫-૧૧-૨૦૨૪ પહેલા ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાતપણે પૂર્ણ કરવા જણાવાયું હતું, પરંતુ હાલમાં ગુજરાતના ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર કેટલીક ટેકનિકલ ખામી સર્જાઈ હોવાના કારણે નોંધણી થઈ શકશે નહિ. ટૂંક સમયમાં જ આ ખામીને દૂર કરીને નોંધણી પ્રક્રિયા ફરી શરુ કરીને ખેડૂતોને જાણ કરવામાં આવશે.

